# કવિતા નામે સંજીવની

## સંજુ વાળા



# કવિતા નામે સંજીવની

## સંજુ વાળા

ગુજરાત સાહિત્ય અકાદમી

ગાંધીનગર

KAVITA NAME SANJEEVANI
(A COLLECTION OF Poems in GAZAL'S Form)
BY SANJU VALA

© વિસ્મય વાળા

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૪

ISBN NO : 978-93-83317-36-3

પૃષ્ઠ સંખ્યા : 88 + 16 = 104

પ્રત : ૫૦૦

કિંમત : ₹ ૬૦/-

આવરણ : સુરેશ રાવલ

પ્રકાશક :
**ચેતન પી. શુક્લ**
મહામાત્ર
ગુજરાત સાહિત્ય અકાદમી
અભિલેખાગાર, ગુલાબઉદ્યાન સામે, સેક્ટર-૧૭
ગાંધીનગર-૩૮૨ ૦૧૭.
ફોન : ૨૩૨૫૬૭૯૭ / ૯૮

મુદ્રક :
રાકેશ કે. દેસાઈ
ચંદ્રિકા પ્રિન્ટરી
મિરઝાપુર કોર્ટ સામે, મિરઝાપુર રોડ
અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૨૫૬૨૦૫૭૮

## ઋણ સ્વીકાર – સ્મરણ – સ્નેહ ...

- ❖ ગુજરાતી સાહિત્ય અકાદમી / મહામાત્રશ્રી / પરામર્દર્શકશ્રી
- ❖ સૌ સામયિકો / સંપાદનોના તંત્રીશ્રીઓ / સંપાદકશ્રીઓ
- ❖ સૌ સર્જકમિત્રો / ભાવકો / સ્નેહીઓ / સહૃદયીઓ
- ❖ અનેક વેબસાઈટસ / બ્લોગ / પેઈઝીસ
- ❖ આકાશવાણી / દૂરદર્શન / ખાનગી રેડિયોઝ
- ❖ સૌ સંગીતકાર મિત્રો / ગાયકો / સ્વરકારો
- ❖ પુ.બાપુજી – મા / નિર્મળા / જ્યોતિ – જીગર / જીજ્ઞેશ – જયશ્રી / વિસ્મય
- ❖ ચિત્રકારમિત્ર સુરેશ રાવલ / ચંદ્રિકા પ્રિન્ટરી / વિકાસ કૈલા

## પ્રકાશનો...

- ❖ કંઈક /કશુંક અથવા તો (ગીત – ગઝલ) – ૧૯૯૦ – વ્યંજના
- ❖ કિલ્લેબંધી (છાંદસ – અછાંદસ – દીર્ઘકાવ્યો) – ૨૦૦૦ – વ્યંજના
- ❖ રાગાધીનમ્ (ગીત) – ૨૦૦૭ – રંગદ્વાર પ્રકાશન
- ❖ કવિતા નામે સંજીવની (ગઝલ) – ૨૦૧૪ – ગુજરાત સાહિત્ય અકાદમી

- ❖ અતિક્રમી તે ગઝલ (ગઝલો) – ૧૯૯૦ – વ્યંજના
- ❖ કિંશુકલય (કાવ્યો) – ૧૯૯૩ – વ્યંજના
- ❖ ઘર સામે સરોવર (કવિશ્રી શ્યામ સાધુની સમગ્ર કવિતા)– ૨૦૦૯ – ગુજરાત સાહિત્ય અકાદમી
- ❖ કવિતાચયન (વર્ષ : ૨૦૦૭ નાં શ્રેષ્ઠ કાવ્યો)– ૨૦૦૯ – ગુજરાતી સાહિત્ય પરિષદ
- ❖ યાદનો રાજ્યાભિષેક (શ્રી શૂન્ય પાલનપુરીની ઉત્તમ ગઝલો)– ૨૦૧૨ – ગુ.સા.અકાદમી
- ❖ મનપાંચમના મેળામાં (કવિશ્રી રમેશ પારેખની સમગ્ર કવિતા)– ૨૦૧૩ – ગુ.સા.અકાદમી

# અર્પણ

મારો શબ્દપોષાય તે સૌ પૂર્વજ સર્જકો
અને
જેનાથી શબ્દ પોરહાયો એ સૌ સમકાલીનો ને ...

# પ્રકાશકીય

ગુજરાત સાહિત્ય અકાદમીની પ્રકાશન પ્રવૃત્તિ અંતર્ગત અનેક ઉત્તમ ગ્રંથો ગુજરાતી ભાવકોને પ્રાપ્ત થયા છે. આ પ્રકાશનો ત્રણ પ્રકારે અકાદમી દ્વારા થાય છે. એક તો જે પ્રશિષ્ટ સાહિત્ય છે તે અને સમયાંતરે તાજું ને પ્રેરક રહ્યું છે તે. બીજું પ્રતિષ્ઠિત થયેલા સર્જકોનું સમગ્ર સાહિત્ય અને ત્રીજું વર્તમાન સમયમાં જે બળુકો અવાજ છે જેના સર્જનમાં કશુંક અલગ તરી આવે છે તેવા સાહિત્યનું પ્રકાશન.

આ સદીના પ્રથમ દાયકામાં સંજુ વાળા તેમની રચનાઓ દ્વારા સતત સૌનું ધ્યાન ખેંચતા રહ્યા છે. કવિતામાં, ગીત, ગઝલ અને અછાંદસ - ત્રણેય સ્વરૂપો ઉપર તેમની હથોટી છે. અહીં આ પુસ્તકમાં તેમની અગ્રંથસ્થ ગઝલ રચનાઓ પસંદ કરવામાં આવી છે. ભાષા, ભાવ અને અભિવ્યક્તિથી તેમની રચનાઓ અન્ય સમકાલીનોથી કંઈક અંશે જુદી તરી આવે છે. આવા કવિની રચનાઓનો સંગ્રહ 'કવિતા નામે સંજીવની' અકાદમી દ્વારા પ્રગટ થાય એ સ્વાભાવિક રીતે આનંદનો વિષય છે. આશા છે કે ગુજરાતી ભાષાના કવિઓ-કાવ્યરસિકોને આ પ્રકાશન ગમશે.


**ચેતન પી. શુક્લ**

મહામાત્ર

ગુજરાત સાહિત્ય અકાદમી

ગાંધીનગર

# જોજન ઊંડા જળરાશિનું તળ

'કવિતા' એવો શબ્દ કાને પડે અથવા તો ચેતોવિસ્તારના કોઈ અલાયદા ખૂણે ઉદ્દ્ભવે ત્યારે મેં સતત ભાવવાચક સંજ્ઞા અથવા તો અભિધાન તરીકે જ માણ્યાં-પ્રમાણ્યાં છે, તેથી આ સંજ્ઞા અને તેની સાથે જોડાયેલાં સાહચર્યો વિશે કશું જ સ્પષ્ટ કે વિશદ રહીને કહી શકું તેમ નથી. તેમ છતાં આ 'બ્રહ્માનંદ સહોદરા'ના ભાવનમાં અને મારી અધકચરી અભિવ્યક્તિઓમાં ક્યારેક જુદો-જુદો અને દૂરનો તો ક્યારેક અંગત અને નજીકનો સંબંધ કેળવાયો છે. ક્યારેક ચેતનાતંત્રનાં એકેક પટલને ભેદતી, કોઈ મુકામ પર સ્થિર થતી ને જ્ઞાતાજ્ઞાતને વિહ્વળ કરી મૂકતી પ્રમાણી છે. તો ક્યારેક, કેટલાય પ્રયત્નો પછી પણ સાવ અજાણ, આછી રેખાઓ અને આકૃતિઓમાં વિખરાયેલી, કોઈક પારલૌકિક પરિમાણ તરીકે માત્ર અનુભવવાનું પણ બન્યું છે. તો વળી હાથવેંતમાં જ પ્રત્યાયન કે નિરૂપણ લાગે અને પળવારમાં તો ક્યાંય છટકી જાય, સ્પર્શ માટે લંબાયેલો હાથ હવામાં લટકતો રહે, પછીની શૂન્યમનસ્ક ભાવસ્થિતિને ન સાચવી શકાય કે ન દૂર કરી શકાય તેવી પળોને વાગોળવાનું પણ બન્યું છે. ત્યારે મારી સંવિત્તિઓમાં ઓગળતું આ સંજ્ઞા સાથેનું સંધાન અભિવ્યક્તિ થવા તત્પર બને છે અને વ્યક્ત શબ્દ સાથેનો સેતુ કંઈક આવો રચાઈ આવે છે :

'એક ઝાલું ત્યાં તેર વછૂટે
અણધાર્યું કોઈ ગીત વીંધીને લોહી વીંધીને
જાય ઘસાતું પગ અંગૂઠે...
એક ઝાલું ત્યાં તેર વછૂટે' (કંઈક/કશુંક અથવા તો... પૃ. ૯)

*

આપું ઋત, દિશા 'ને નક્ષત્રોનાં નામ
સખીરી તમે અમારા કલમજાયા શબ્દ અડોઅડ પથરાયેલું ધામ...
સખીરી ચેતનવંતી તમે પંક્તિ, અમે કૌંસમાં આવી ઊભા આમ...

(કંઈક/કશુંક અથવા તો... પૃ. ૪૧)

*

હાથવેંતમાં હોય પરંતુ હાથ ન લાધે છાંઈ
પગ તળેથી પ્રગટી પાછી પગમાં રહે સમાઈ...(રાગાધીનમ્ પૃ. ૨૯)

આવી મિશ્ર લાગણીઓ વચ્ચે ચાલેલાં મારા ભાવન અને અભિવ્યક્તિના છેલ્લાં ત્રીસેક વર્ષના પ્રવાસના સધિયારે, આનંદ અને મૂંઝવણની દ્વિધાયુક્ત લાગણી સતત અનુભવી છે. છતાં આ કવિતાના કેટલાંક આછા ઝબકારા મારા ઝાંખાંપાંખાં

અનુભૂતિ વિસ્તારોને અજવાળતા રહ્યાં છે તેની વાત નમ્રતાથી કરવી છે.

કવિતા કાનની કળા એવું સાંભળ્યું તેની સાથે સાથે જ મારા ભાવવિશ્વમાં વાણીની આહ્‌લાદકતાનું પણ પ્રત્યાયન થયું. વાણીની સંયત સ્થિતિને આશીર્વાદ ગણીએ પણ એ જ વાણી વેડફાય ત્યારે અભિશાપરૂપ બને એ વાત પણ સાચા સર્જકો અને કેળવાયેલા કાનના ભાવકો માટે નવી નથી. કવિતા વાણીરૂપે મહાલતી અનુભૂતિમાં ઝિલાયેલા જુદા-જુદા ભાવવિસ્તાર અને આગવી ભાવસ્થિતિઓની કમનીય્ કુંવરી ભલે હોય, કવિતા રમણીય ભાષાના લયઢાળો અને લયબિંબોના ચડાવ-ઉતારની તેમજ અર્થ-અનર્થની પરિણિતિગત્ કોડિલી કન્યકાઓ પણ ભલે હોય પરંતુ એ જ કવિતા સર્જક ચિત્તવ્યાપાર, દર્શન અને કલ્પનાની આડશે બેઠેલ, જેને નામ-નિશાન આપવા શક્ય નથી તેવી વિશીર્ણ ચિત્રાવલિઓ, અપૂર્ણ આકૃતિઓ અને ઓળાઓમાં પણ શક્ય હશે.

આ કારણો, અને એટલે જ કેટલીક કવિતાના ભાવનમાં, તેને ખોલવાના પ્રયત્નોમાં શક્ય એટલી ચાવીઓ લગાડ્યાં પછી પણ અર્થસંક્રમણ ન થાય, છતાંય આનંદ તો મળે જ છે. કદાચ ભાવકના રસદ્વાર ન ખોલી આપે તો પણ, દ્વારે ટકોરા પડતા હોવાનું તો બે-ધડક કહી શકાય. કવિતાના ધ્વનિતરંગો અને લયભાવતરંગો ક્યારેક લાંબા સમય સુધી તો ક્યારેક કેટલીક ક્ષણો માટે ભાવકની અનુભૂતિમાં વિસ્તરે અને કશોક ભર્યો ભર્યો અનુભવ કરાવે એમ પણ બને. આ સિક્કાની બીજી બાજુ જોઈએ તો એ જ કવિતા નામધારી પદ્ય અને કેટલીક વખત તો ભાષાનાં મેળમાથાં વગરના ગડબાં, સાંકડી અને સસ્તી ઘટનાઓનાં વ્યક્ત ડોળિયાં અને અંગત સુખદુઃખના પ્રસંગોમાં નિરુપણરૂપે યથાતથ ઊતરી આવેલા શબ્દબફાટ અથવા તો અણઘડ અને કૃતક આયામો ભાવકના કાનને રાજપથ સમજીને પહોળા પટે ચાલે ત્યારે માંહ્યલો મૂંઝાય પણ આ દઃખ કહેવા કોને ?

બધી જ અભિવ્યક્તિઓ શ્રેષ્ઠતમ જ હોવી ઘટે તેવી સમજ નથી. અને એવું કહી પણ ન શકાય, પરંતુ કવિતા એવું નામ આપીએ, કે સંજ્ઞા પ્રયોજીએ ત્યારે કવિતાની પ્રાથમિક જરૂરિયાતથી પણ તેનો રચયિતા અજાણ હોય એ તો માફ ન થઈ શકે તેવી બે-જવાબદારી જ લેખાયને ?

આપણી ભાષા પણ આવી કહેવાતી કવિતાથી ઊભરાય છે. પેલો સર્જક તો અજાણ છે, કવિતા તત્ત્વની ઝાઝી ખબર પડતી નથી એટલે તુકબંધીઓ અને જોડકણાં મોકલે, પણ કવિતાની શાસ્ત્રોક્ત વાતો કર્યા કરતા આપણા સંપાદકો એને વારે નહીં ને બહેકાવે એ સ્થિતિ આજની આપણી કવિતાની મોટે ભાગે ગણી શકાય, તેની સામે કાવ્યગત્ તમામ શક્યતાઓ, ભાષાના પ્રવાહ અને છંદ-લય-ભાવની જરૂરિયાત મુજબ કવિતાના પ્રયોજનો અને અભિવ્યક્તિની જરૂરિયાત સમજીને વ્યક્ત થતાં કવિઓ અને તેની કવિતાની સમૃદ્ધિથી પણ ગુજરાતી ભરી-ભાદરી છે. તેનું ગૌરવ કોને ન હોય ?

હવે થોડી અંગત વાત કરું. એમાંથી ય મારું અને મારી કવિતાનું ભરણ-પોષણ અને ઉછેરણ થતું રહ્યું છે. હું કોઈ સાહિત્યનો કે શિક્ષણનો ઉચ્ચ વારસો લઈને જન્મ્યો નથી. જન્મે વણકર અને કર્મે ખેડૂત, અભણ માતા-પિતાના કેટલાંક સંસ્કારોની દેનરૂપે મારામાં વ્યક્ત થવાની આવડત અને જરૂરિયાત ઊભી થઈ એમ લાગે છે. મારી આખી પેઢીમાં થોડુંક ભણ્યો હોઉં તો માત્ર હું, પણ ભાષાના વિદ્યાર્થી તરીકે તો ભણવાનું થયું જ નહીં. તેમ છતાં મારે ભાગે જ આ ભાષામાં ભાખોડિયાં ભરવાનું આવ્યું. એટલે જ કવિતાને ક્યારેય હળવાશથી લેવાનું રુચતું નથી. કવિતાની વાતો પહોંચ બહારની વસ્તુ હોય ત્યારે સમાધાન તો સ્વીકારવું પડે પરંતુ મેદાનમાં ઊતર્યા પહેલાં હથિયાર હેઠાં મેલવાનું પણ ગમતું નથી. મારો ઉછેર તલવારની ધાર પર ચાલનારાઓની પરંપરામાં થયો. ભજન એક એવી વસ્તુ છે કે એ માણસને કાં તો તારે અને કાં તો ડુબાડે. ભજનની આ ભાવપરંપરા મને ગળથૂથીમાં મળી. મારા દાદીમા આખા પરગણામાં ઊંચા ભજનીક તરીકે વિખ્યાત હતાં. ભગત પરંપરામાં તેમનો જન્મ. આજે પણ સાવરકુંડલામાં તેમના પિતાશ્રી જગા ભગતના નામ પર મોટું મંદિર ઊભું છે. કહેવાય છે કે એ વખતે દાદીમાને ભજન ગાવા માટે વીશ-વીશ ગાઉથી તેડાં આવતાં. આ પરંપરા મારા પિતાશ્રીએ પણ તનમનથી ઝીલી. તેઓ પણ લોકઢાળવાળાં દેશી ભજનો અને ગુરુમુખી વાણીના ગાયક અને ઉપાસક રહ્યા છે. આજે મોટી ઉંમરે પણ તેમની સંધ્યા રામસાગરના રણકાર અને ભજનની કોઈક હલક/ઢાળ સાથે તો પરોઢ, પ્રભાતી અથવા તો સાવળના શબ્દોમાં આંદોલિત થઈ ઊઠીએ એવાં લયાત્મ પઠન / સ્મરણથી થાય છે. દોહરા-સોરઠા અને ભાવવાળાં કેટલાંક પદબંધો પણ તેમણે મૌખિક પાઠ પરંપરાથી રચ્યાં છે અને ગાયાં છે.

બચપણમાં હું પણ એમની આંગળી ઝાલીને ગામમાં અને આજુબાજુનાં ગામોમાં ભજન મેળાવડાઓ અને રામદેવપીરના પાટપૂજાના પ્રસંગોએ ગયો છું અને ભજન પણ ગાયાં છે. બાર-તેર વર્ષની ઉંમરે હું પણ આવું તો લખી શકું તેમ કહીને થોડા દોહરા પણ લખેલા. તેમની આ ઐશ્વરીય આરાધનાનો લય મારા શ્રવણમાં ઘૂંટાતો રહ્યો. તેમનાં પદ્યાત્મક મહાભારતનાં જુદા-જુદા પર્વોના પઠન અને ગાયનથી પણ લયતત્વ સાથે નાતો જોડાયો હશે. હિન્દી ભાષાનાં પદોનો એક ગુટકો તેઓ ગણપતિના ગોખલામાં રાખતાં. આ પદોનું ખૂબ જ સરસ ગાન પણ થતું રહેતું એ મને યાદ છે. તેઓ આ ગુટકાને 'બ્રહ્માનંદ' કહેતાં. તેમનો ભક્તિભાવ, આરાધના અને શ્રદ્ધા તો મારામાં ન ઊતર્યા પણ પેલું લયતત્ત્વ અને સંગીતતત્ત્વ આજસુધી મારી સાથે રહ્યાં છે. શબ્દની લયાત્મકતા અને વાણીની ગત્યાત્મકતાએ મારો પીછો ન છોડ્યો. એટલે જ કદાચ આજે શબ્દનો સથવારો લઈને અહીં તમારી વચ્ચે ઊભો છું. મારી કેટલીક રચનાઓનું અનુસંધાન પણ આમાં જ ક્યાંક જોડાયેલું જોઈ શકાય. કેટલીક ગઝલરચનાઓના જુદા-જુદા શૅરમાં એક યા બીજી રીતે આ ભાવ ઘૂંટાયાં છે તો કેટલાંક ગીતના લય અને પદબંધમાં પણ આછા અણસાર જાણકારો જાણી શકે

છે, મારા ગીતસંગ્રહ રાગાધીનમ્ (૨૦૦૭)ના કેટલાંક ગીતોમાં એટલે જ વિવેચકોને અનુ-આધુનિકતાનું સંધાન જણાયું હશે એવું લાગે છે...

'ના થઈ ઠરીને ઠામ વહેતી નાડીઓની ચડઊતર
એવું તે શું ઓછું પડ્યું આદેશમાં સાહેબજી.' (પૃ. ૭૪)

*

શરણે આવેલા હોલાને બેસાડ્યો એ ત્રાજવડાંની
બીજી બાજુનું પલ્લું છે, હોવા ના હોવાની ચર્ચા (પૃ. ૬૧)

*

'આલિંગન આગ મશે લીધાં રે ગાઢ
પાંખ વિઝયાંનો લાગે ના થાક
ક્યાંય નથી પહોંચતા એ રસ્તા'ને કેડીઓના
સીધા થઈ ચાલ્યાં વળાંક.'
'જોયાં-જાણ્યાંનાં સુખ-દુઃખ એક પલ્લાંમાં
બીજામાં સોનેરી વાળ
એક પલકારે તોળ્યા ત્રિકાળ...' (રાગાધીનમ્, પૃ. ૨૦)

*

સાવ સરખા ભજન-ગઝલ ભાળ્યાં
તો નિકટ જઈને નીરખી જોયાં. (પૃ. ૫૨)

*

પાંખમાં પવન, આંખમાં લીધું આભલું મથોમથ
પંખી ઊડ્યાં અનભે ઝીણું ચાંચમાં ઝાલી તથ (રાગાધીનમ્, પૃ. ૨૨)

મારા વતનનું ગામ બાઢડા (તા. સાવરકુંડલા) પણ 'આશ્રમ ઉદેશ' વાળું ગામ. ચારેક આશ્રમ જેવાં જનશ્રદ્ધાનાં સ્થળો ભજનના સૂરોથી તરબોળ રહે. સાંજ પડ્યે જ્યાં જાવ ત્યાં ભજન સંભળાય. અષાઢી પૂનમે મેળો ભરાય. બે-ત્રણ દિવસ રામરોટી, પ્રસાદ અને ભજનથી ભરપૂર રહે. આ માટીની મહેક પણ વારંવાર એ તરફ ખેંચતી રહે છે. તળ કાઠિયાવાડી સંસ્કારો અને બોલીનાં લહેકાઓ, ઠેકાઓ, કહેવતો, ચાયકાઓ અને કથાનકો સુધ્ધાંએ મને ખેંચ્યો છે, આવકાર્યો છે અને પડકાર્યો છે. પ્રાથમિક અને હાઇસ્કૂલ કાળ સુધી તો આ ભૂમિમાં જ ઉછેર, પોષણ થયાં. તેનો અનુબંધ પણ અનેક રીતે મારી રચનાઓમાં ઊતરતો રહ્યો છે. આ સમયે કવિમિત્ર વસંત જોષી સાથે છાપાંના ટુકડાઓ અને પાઠ્યપુસ્તકોનાં પાનાંની કવિતાઓ વાંચી-માણી અને અમારા ગજા બહારની ભૂલો કાઢેલી એ પણ યાદ આવે છે.

માત્ર અઢાર-ઓગણીશ વર્ષની વયે વતન છોડીને વ્યવસાય-અર્થે જસદણ (જિ.

રાજકોટ) જવાનું થયું. સંયુક્ત કુટુંબમાંથી એકલા રહેતા મૂંઝારો અને રૂંધામણનો સામનો કરવાનો વખત આવ્યો. અને એમાંથી જસદણની સરકારી લાઇબ્રેરીનાં દ્વાર ખૂલ્યાં. જસદણ જેવા નાના નગરમાં સંગીત અને વાચન જ સૌથી મોટું આશ્વાસન. અહીં જ ઉર્દૂની ગઝલનો સંપર્ક થયો. રાતોની રાતો ગુલામઅલી, મહેંદીહસન અને બેગમ અખ્તરની ગઝલોની ગાયકી અને ઉર્દૂ શાયરોના શૅરના સથવારે વિતાવી છે.

- તો દિવસો વહીવટીતંત્રની આંટીઘૂંટીઓ અને ધૂળિયા ગામ પ્રદેશનાં લોકોની જીવનરીતિઓ, માન્યતાઓ અને સુખદુઃખનાં કાલાંઘેલાં નિરૂપણો વચ્ચે વીતતા રહ્યાં. તેની સાથે સાથે કાચીપાકી રચનાઓ પણ લખાતી થઈ. પણ ક્યાંય છપાવી નહીં. જાતે જ ગીતના લય ઘૂંટ્યા અને ગઝલમાં તો છંદ હોય એવી જાણ થતાં અક્ષરમેળ છંદો સાથે મેળવવાના ફાંફાં માર્યાં. પછી ખબર પડી કે ગઝલમાં અરબી-ફારસીના છંદ હોય ! અને છંદનું પુસ્તક હાથમાં આવતા તો રાજીના રેડ. કેટલીક ગઝલોમાં આ છંદોની બહેરનાં વજન અજાણતાં જ, લયને કારણે ઊતરી આવેલાં જોઈને તો આશ્ચર્યનો પાર ન રહ્યો. ક્યાંય કોઈએ લય કે છંદ માટે આંગળી ચીંધી નથી. જસદણમાં તો ચીંધે પણ કોણ ? ને કવિતા આમ લખાય કે આને કહેવાય એવું કહે પણ કોણ ? જે થયું તે પુસ્તકોના સહારે અને જાત મથામણમાંથી જ જડતું ગયું. ૧૯૮૦થી શરૂ થયેલી યાત્રા આ મથામણના ભાગરૂપે છેક ૧૯૮૫-૮૬ દરમ્યાન કવિલોકમાં ચાર ગઝલો સુધી લઈ ગઈ. અને છપાયેલા શબ્દનો સાક્ષાત્કાર થતો રહ્યો. જસદણમાં પણ થોડા સારા મિત્રો મળ્યા. કવિતા વાંચી-માણી છે તેમની સાથેય, પણ શોધી તો એકલા એકલા જ.

વતન વિચ્છેદ, નવા મુકામ પર મંડાણ અને વળી ત્યાંથી અન્યત્ર. આ વિખરાટ અને વ્યથા પછીનાં વર્ષો પછી કંઈક આ રીતે વ્યક્ત થવા તરફ દોરી જાય છે.

ઊપડ્યા લઈને ક્ષિતિજની પાર એવા સ્થળ વિશેની શોધ ઓ વણજારા...રે
ફૂલેણરી બચકી ઉપર લાદી નવસ્ત્રી વ્યંજનાવત્ પોઠ ઓ વણજારા...રે
રાવટી સાથે ઉખેડ્યાં ઋણની મુઠ્ઠી ભરી મેં છાતીએ ચાંપી લીધી
તું ખીલે વળગી રહેલી ધૂળ લઈને જીવમાં સંગોપ ઓ વણજારા...રે

(કંઈક/કશુંક અથવા તો... પૃ. ૭૯)

૧૯૮૮-'૮૯માં રાજકોટ આવી ગયો. કવિમિત્રોનો સંપર્ક થયો. કવિતા તરફનો લગાવ વધ્યો અને સમજ પણ વિસ્તરતી થઈ. વ્યંજના (સાહિત્યિક અભિગમની સંસ્થા) રાજકોટની સ્થાપના. દર શનિવારે મિત્રો મળે, કવિતાની ચર્ચા, લમણાંઝીંકો અને માથાફોડ આગ્રહો વચ્ચે રુચિ અને અભિવ્યક્તિના વળાંક પણ આવતાં રહ્યાં. તે આજસુધી આ ક્રમ ચાલુ છે.

અહીંથી અછાંદસ કવિતા તરફનો લગાવ વધ્યો. નગરજીવનની સંકુલતાઓ, સંકડામણ, સંબંધ અને અસ્તિત્વપરક મૂલ્યો ઓળખાયાં. નવી રીતભાતે જગત જોવાની દૃષ્ટિ મળી. રોમાંચક પરિકલ્પનાઓ સામે માનવમનની સ્વકેન્દ્રિતા અને

જીવનની નિ:સહાયતા જોવાં- જાણવાં મળ્યાં. અને માનવ નિયતિના કેટલાંક સ્થાયીભાવ સર્જક નિયતમાં વિસ્તર્યા. ગઝલ- ગીત જેવા કાવ્ય પ્રકારોમાં એને વ્યક્ત કરવાની અંગત મર્યાદાને કારણે અછાંદસ અને દીર્ઘ કવિતાઓ લખાઈ.

તેમાં પણ અંગત સમજ તો એવી ખરી કે કવિતાના કોઈપણ સ્વરૂપમાં કંઈપણ આલેખી શકાય, પરંતુ સર્જક પ્રતિભા અને સર્જકત્વનાં બળથી જ. આ ઘટનાઓમાં પણ ઉગારનાર તો માત્ર પુસ્તકો જ રહ્યાં છે. કવિતાઓ વાંચીને કવિતા લખતા શીખ્યો અને કવિતા વિશે વાંચીને કવિતાના ભાવક થવાનું બન્યું. એનાથી વધુ તો કવિતા બીજું આપેય શું ? છતાંય કવિતાએ જીવતા શીખવ્યું અને એણે જ ચાહતા પણ શીખવ્યું. એથી મોટી બીજી કઈ ઉપલબ્ધિ હોઈ શકે ?

એક રીતે જોઈએ તો અભિવ્યક્ત થવું એ અશક્ય ન હોય તો પણ મુશ્કેલભરી પ્રક્રિયા તો છે જ. એમાંય કવિતા !

'જોજન ઊંડા જળરાશિના તળિયે
એકાદ-બે શ્વાસની શોધખોળ.' (કિલ્લેબંધી... પૃ. ૩૬)

*

તળમાં તાળી પાડી તો
જળમાં થઈ પાથલ-ઊથલ (પૃ. ૪૭)

આ અકળાવનારી છતાં વારંવાર ડૂબવાનું મન થાય તેવી, હાથે કરીને ઊભી કરેલી ચક્રવ્યૂહ જેવી, ભીતર ભાળવાની ગતિવિધિમાં પ્રવેશવું અને બહાર નીકળવું મને જોખમી લાગ્યાં છે. પગ નીચે પ્રચંડ વિસ્ફોટ થાય પછીની શરીરની સ્થિતિ અને કવિતાનો કણ ઝિલાય પછીની મનની સ્થિતિ એકસરખી. શરીરનો કોઈક ટુકડો તો હાથ લાગે કે ન પણ લાગે. પરંતુ મન તો વિખરાય પણ નહીં અને મુઠ્ઠીમાં માય પણ નહીં. સર્જનક્ષણોને સાચવવી એટલે જ પારાની મુઠ્ઠી ભરવી એવું લાગે છે. વ્યક્તિ તરીકે ઘરમાં અને સમાજનાં ભાગરૂપે સમષ્ટિમાં સર્જકે રહેવાનું એટલે બધી જ લૌકિકતાઓને ભોગવતા ભોગવતા જ અલૌકિક કે પારલૌકિક ઝબકારા ઝીલવાના. આથી જ આધિવ્યાધિઓ અંકે કરીને જીવનાં અને જગતનાં સુખદુ:ખ પોતીકાં કરવાનાં અને અંગતતા પણ અકબંધ રાખવાની. વાસ્તવને કલ્પનામાં લપેટવાનું અને કલ્પનાને વાસ્તવની ભૂમિ ઉપર અવતારવાની. ચામડીનાં અનેક છિદ્રોમાંથી પ્રગટતી હણહણાટીઓને ગોપિત રાખવાની અને પરકાયા પ્રવેશ કરીને અનુભૂતિનાં દ્વાર ખખડાવવાનાં હોય ત્યારે કહેવું પડે કે,

'અનેકવાર ઊભું રહી જવાય છે / ભીષણતાની બિલકુલ સામે, છેલ્લીવારના ખેલ માટે /
બરાબર ત્યારે જ / આંગળીના ટેરવાં સુધી પહોંચેલું સત્ય /
ક્યા જનમના કર્તૃત્વવશ છટકી જાય છે / તેની ખબર નથી પડતી / ખબર છે /
પછીતી આવતા હુમલાની /

વચ્ચે લટકી રહેતા, ઊંડા ઊતરતા શ્વાસોની પરિભાષા ઉકેલી શકાતી નથી /
કે, ચીંધી શકાતી નથી / તળમાં સળવળ્યાં કરતી / પારાની ઝીણીઝીણી કણિકાઓ.'

(કિલ્લેબંધી... પૃ. ૧૭)

કવિતાનો સાર્વત્રિક પરિપ્રેક્ષ્ય અને અંગત અનુભૂતિના કે સંવેદનાના થોડા વેરવિખેર તાંતણાને એકસૂરે કરવાનાં પ્રયત્નોમાં, પ્રક્રિયા દરમ્યાન તો ગૂંગળામણ અને વિષાદ જ મોખરે રહે છે. રચના પૂરી થયાં પછી ક્યારેક નિરાશા પણ સાંપડી છે અને ક્યારેક વર્ણવી ન શકાય તેવી મઝા પણ પડી છે. અભિવ્યક્તિમાં રહી ગયેલી ઊણપ જ, એ જ પ્રકારની બીજી રચના તરફ સર્જકને દોરી જાય છે.

અથવા તો, ક્યારેક તો છંદ-લય અથવા આકારને કારણે પણ કેટલીક કરવા ધારેલી વાત પૂર્ણ રૂપે પ્રગટતી નથી ત્યારે પણ આવું જ બને છે. મારા કિલ્લેબંધી સંગ્રહની કિલ્લેબંધી (પૃ. ૫૧) રચનામાં રહેલા કટાવના લય અને આકારમાં કેટલીક વસ્તુ રહી ગઈ હશે તે પછીના પાંચેક વર્ષ પછી પાશ (પૃ. ૧૯) નામની રચનામાં વ્યક્ત થઈ. એને પણ કવિતાનું જ એક કામણ કહેવાનું વધુ ગમશે.

સર્જક તરીકે કરવો પડતો ભાષાનો મુકાબલો અને અભિવ્યક્તિમાં દાખવવાનો થતો વિવેક મને એવાં તારણ પણ લઈ જાય કે, કવિતા એક રીતે એકાંગી અને બિલકુલ અંગત રીતે અનુભવવા જેવી ચિત્તવ્યાપાર સ્થિતિ છે. એવું ધ્યાન છે, જેમાં સર્જનની ક્ષણો દરમ્યાન એકાકાર થવાનું હોય છે. ક્યારેક નાનકડાં વ્યવધાનને કારણે પણ ચિત્ત ચોંટે જ નહીં અને ક્યારેક ઢોલનગારાઓના નાદ અને શોરબકોર વચ્ચે પણ ઊંડાં ઊતરી જવાય. પછીથી આંખ સામેનું આખું વિશ્વ માત્ર મૂંગું ચિત્રપટ. સર્જકે આ બન્ને સ્થિતિનો સામનો કરવાનો હોય છે. આ ક્ષણો ઓળખાય તો કવિતા સાથેનો નાતો વધુ ગાઢ રીતે બંધાય... વ્યક્ત થવાનો વ્યામોહ અથવા તો સર્જકનું ખૂટતું તપ, તેને જ ભટકાવે. કેટલાંક મિત્રો ૧૫-૨૦ રચના એક સાથે ઊતરી આવ્યાનું કહે ત્યારે હું તો વિસ્ફારિત આંખે તાકી જ રહું છું. કારણ કે મને તો ૫-૧૦ પંક્તિઓ પણ એક સાથે મળી હોય તેવી ઘટનાઓ ખૂબ ઓછી છે. અને આવી પંક્તિઓ પણ આખરી થતાં સુધીમાં તો કેટલીય પદાવલિઓ અને ભાવાભિવ્યક્તિઓમાંથી પસાર થઈ હોય છે. પેલો ઝિલાયેલો કાવ્યકણ તો ક્યાંય ગોપિત રહી જાય અને અણધાર્યા જ કોઈક અંત પર આવી ચડાય. આ બધી જ ચમત્કૃતિઓ કૃતિને ભાવક તરીકે માણતાં માણતાં જ દેખાય. સર્જન દરમ્યાન તો ભાષા અને ભાવ સારથિ હોય છે. સર્જકે તો તેમાં રહેલાં વિરામ, ગતિ, ઠહેરાવ, અડચણ અને ઉશ્કેરાટ સહિતની યાત્રાને મુકામ પર પહોંચાડવા સભાન દોરીસંચાર કરતાં રહેવાનું હોય છે. છતાંય લક્ષ્ય સુધી પહોંચવાની કોઈ ખાતરી મળતી નથી. ત્યારે કહેવું પડે છે.

લક્ષ્ય સુધી પહોંચાય કેવી રીતે કહો ?
ક્યાં સલામત રહે છે તકાયેલી આંગળી (કંઈક/કશુંક અથવા તો... પૃ. ૭૨)

*

હે વિપાશા !
તું જ આપી શકે, આ સ્થૂળ
એકપણ શક્તિ સુધી નહીં પહોંચી શકેલા
અસ્પષ્ટ ઉચ્ચારને
મંત્રદીક્ષા. (કિલ્લેબંધી... પૃ. ૨૦)

*

જાણ્યું એવું જડ્યું નહીં કે
બહુ ઝંઝેડ્યા ઝાડ પરંતુ પડ્યું નહીં કૈં. (રાગાધીનમ, પૃ. ૪૬)

કવિતા વાણીની ચરમસ્થિતિ છે, પણ આ સ્થિતિ સર્જાઈ કે નહીં તે સહેલાઈથી કહેવું મુશ્કેલ છે. સર્જન દરમ્યાન સર્જકમનની ઊથલપાથલ અને માધ્યમની શોધ દરેક વખતે સંતોષકારક રીતે પૂર્ણ થતી નથી. આ શોધ સર્જકપ્રતિભા ઉપર પણ એટલી જ અવલંબિત. સર્જકના સભાન અને અભાન સંચલનોમાંથી ઊતરી આવતો પ્રવાહ ખાળવો કે વહેવા દેવો તેનો નિર્ણય પણ જાતે જ કરવાનો. તેમાં પણ ચર્વિત-ચર્વણ અને પૂરોગામીઓની કૃતિઓનાં સંસ્કારવાળું ક્યારેક તો માત્ર પદ્ય જ રચાતું હોય છે અને સર્જકે તેને ઓળખવાનું હોય છે.

જોકે આ કામ સર્જકમાં વિશેષ પ્રતિભાવાળો સજાગ ભાવક બેઠો હોય તો સહેલાઈથી થઈ શકે. સર્જકપ્રતિભા અને ભાવકપ્રતિભા દરેક વખતે તાલમેલવાળી હોય એ શક્ય નથી. એટલે તો ભાવક તરીકેનો સર્જકનો વેશ વધુ અઘરો છે.

અવળી ચાલ, અજાયબ કેડા
એક જ ડગલે માપી લીધા ત્રણે કાળના છેડા. (રાગાધીનમ, પૃ. ૨૪)

કૃતિનાં ભાવનના પણ જુદા-જુદા અથવા તો સ્વકીય માનદંડો હોય છે. તો વળી કૃતિમાં પણ જરૂરિયાત અને નિર્વાહની અલગ અલગ સ્થિતિઓ હોય છે. એટલે સર્જક, કૃતિ અને ભાવકનું તાદાત્મ્ય હંમેશાં એકસરખું શક્ય નથી. તો પછી સર્જક અને ભાવક વચ્ચે તો કૃતિ નામનું તત્ત્વ આવે. એટલે એમ જ કહેવું પડે કે ભાવકના ચેતો-વિસ્તારમાં ઝિલાય તે ભાવકનું સત્ય હોય પણ સર્જકનું સત્ય ન પણ હોય. સર્જકે નિરૂપવા ધારેલું સત્ય, કૃતિમાંથી પ્રગટતું સત્ય અને ભાવક ચેતનાએ ધારણ કરેલ સત્ય એક હોઈ શકે તેવી જ રીતે અલગ-અલગ પણ હોઈ શકે છે. એને જ આપણે ભાષાની લીલા, કવિતાની કળા અથવા તો વાણીની ચરમસીમા કહી શકીએ.

હો પાંખની પ્રતીતિ ને આભ માટે ઝંખા
હું શોધવાને આવ્યો છું પંખી એ અનૂઠાં. (પૃ. ૮૦)

*

હજુ પણ છે મશગૂલ ચર્ચામાં સંતો
અમે પ્રશ્ન એવો ધુવાંધાર ફેંક્યો. (પૃ. ૧૯)

*

કવિનો કવિતા સાથેનો સંબંધ આધ્યાત્મિક સંબંધ છે. એટલે જ તો કવિને બીજા કશા સાથે ન હોય એટલો લગાવ કવિતા સાથે હોય છે. કવિતા જ કવિનું સત્ય અને સાધના પણ. કવિ ક્યારેય આ સત્યથી વિચલિત ન થાય. પોતાનો અનુભવ કે દર્શન નિરૂપવા બેઠેલો સર્જક વ્યક્ત ભલે ભાષામાં થતો હોય પણ તેનું ખરેખરું સર્જન તો તેનાં ચેતાતંત્રની જુદી-જુદી અવસ્થાઓમાં ઉદ્‌ભવતું, ઝિલાતું, રચાતું હોય છે. સર્જક, ચિત્તની જાગતિક - અજાગતિક સ્થિતિ દરમ્યાન અને બહાર આવીને ભલે વાણી રૂપે વ્યક્ત થાય, પણ તેની અભિવ્યક્તિમાં આ સ્થિતિ દરમ્યાનનું કેટલું અને કેવું ઊતરી આવ્યું તે ચોક્કસ કહી શકાતું નથી. ત્યારે આવી રચનાઓ વિશે સર્જક કેવી રીતે સ્પષ્ટ હોય ? પરંતુ તેનો અર્થ એવો પણ ન થઈ શકે કે આ બધું સર્જકથી આપમેળે થઈ જતું હોય છે, અથવા તો પ્રેરણા નામના ધોધની રાહ જોઈને બેઠેલો સર્જક અચાનક બધું ઝીલી લે છે. એક પછી એક પ્રેરણાઓ ઊતરતી રહે અને એક પછી એક રચનાઓ થતી રહે. સભાન અને સાચા સર્જક માટે તો કૃતિમાં કૈં આપમેળે આવી જાય તે કરતાંય તેણે ધારેલી ગતિ, વળોટ અને વળાંક મુજબ કૃતિ આગળ વધે એ વધુ મહત્ત્વનું છે. સાથે-સાથે એ પણ કહેવું પડે કે સરસ કાગળ, પેન હોય કે ફરમાન કરવામાં આવે તો કાંઈ કવિતા ન નીપજે. સ્થૂળ આવરણોનો કવિતાના જીવંત પ્રદેશમાં કયો આશય હોઈ શકે ? ને એ પણ એટલું જ સાચું કે કવિના ભાવવિશ્વમાં કવિતા લખવા માટે કોઈ પદાર્થ, પરિસ્થિતિ, પરિમાણ કે પરિણીત અથવા તો વાસ્તવ કે કલ્પનાનું કોઈક બિન્દુ ઝિલાય અને એ જ કૃતિના વિસ્તાર કે વિકાસમાં ધક્કો આપનાર તત્ત્વ બની રહે. આ વસ્તુ મને વધુ આશ્વસ્ત કરે છે. કવિના સાપેક્ષ જગત અને આંતરવિશ્વની અનુભૂતિઓના દર્શનમય અને સમ્યક રસાયણ સાથે સર્જકત્વનો સ્પર્શ ત્રીજા પરિમાણ તરીકે કૃતિમાં જોડાય અને સર્જકની પ્રતિભા મુજબનું વર્તુળ રચાતું રહેતું હશે, તેમ પણ માનવા મન પ્રેરાય છે. પરંતુ એમ પણ લાગે છે કે આ સ્થિતિ ત્યારે સર્જાય કે જ્યારે કૃતિ અને કર્તાનું તાદાત્મ્ય અખંડ હોય. સર્જકનો પેલો સમાધિ ભાવ જેટલો બલિષ્ઠ તેટલી જ કૃતિની અદ્‌ભુતતા કહો કે વિરલતા પણ બલિષ્ઠ.

ધીમા તાપે ઘી તાવણી રાખે
એ સુગંધોની છાવણી રાખે. (પૃ. ૫૦)

*

ઝીણેરું ઝિલાય તો એને મોતી કહીએ,
પણ, મબલખને શું કહીએ એ કહો !

ગુપ્ત વહો કે લુપ્ત રહો પણ હે સરસત્તી !
દિવસ રાત કાં મૃગજળ થઈને દહો ? (રાગાધીનમ્ પૃ. ૪૩)

*

આ સરસત્તી સાંભળે ત્યારની વાત ત્યારે કરીશું... આજ તો તાંકીને ઊભો છું. તો આ છે, અત્યાર સુધી મેં આદરેલી કવિતાના ભાવન અને સર્જનની વચ્ચે સમજાયેલી હકીકતો અથવા તો મારી ભ્રમણાઓ. અભિવ્યક્તિ સાથેનો સંબંધ અને કવિતાના ભાવપક્ષના જુદા-જુદા પરિપ્રેક્ષ્ય. સર્જક તરીકે મેં અનુભવેલાં અને બહાર રહીને સર્જકને ઝીણી આંખે નિહાળતા જણાયેલાં કંઈક / કશુંક ને આછી રેખાઓ રૂપે આંકવાનો મારો પ્રયત્ન માત્ર છે. અહીંની સમજ કે અનુભૂતિ-વિસ્તારના આલેખનનો કોઈ હક્ક-દાવો આખરી નથી. કે બંધન-યુક્ત પણ નથી. આવતી કાલે આજ વાત જુદા રૂપે અને જુદા અર્થ-વિસ્તારોથી પણ કરવાની થાય, કારણ કે કવિતા પોતે જેટલી અવ્યાખ્યાયિત એટલો જ સર્જકનો સર્જનની ક્ષણો દરમ્યાનની અનુભૂતિનો આલેખ પણ...

❑

કવિતા નામે સંજીવની-માં અત્યાર સુધી રચાયેલી અગ્રંથસ્થ ગઝલ સમાવિષ્ટ છે. ગઝલ એક કાવ્યપ્રકાર છે, અને કવિતામાં જે કંઈ સંભવી શકે એ બધું જ ગઝલમાં પણ સંભવે એવી સ્પષ્ટ અભિજ્ઞા છે. એના ભાષા, વિભાવ અને અભિવ્યક્તિમાં સતત કાવ્યત્વ તાગવાની મથામણ છે. એ સામે રાખીને આ ગઝલનું ભાવન થવું ઘટે. ગઝલમાં બહર જાળવાવી જ જોઈએ. એ જાળવવા કવિએ તમામ શક્ય વિકલ્પો વિચારવા જોઈએ, તેવી સમજ હોવા છતાં બે-ચાર મિસરામાં કવિતા કે પસંદગીના શબ્દ-પ્રયોજનના વિકલ્પે છંદ સિદ્ધ કરવાનો આગ્રહ નથી જ રાખ્યો. કવિએ કવિતા કરવાની હોય છે, છંદ સિદ્ધ નહીં.

આ સંગ્રહની રચનાઓ સહૃદય ભાવકો માટે છે. કોઈપણ સર્જકનું કર્મ એનાં સાચાં ભાવકની નિષ્ઠામાં ઊગતું હોય છે. એવી પ્રતીતિ સાથે આવાં ભાવકો માટે આ કવિતા નામે સંજીવની.

રાજકોટ,
તા. ૧/૭/૨૦૧૪

**- સંજુ વાળા**
એ-૭૭, આલાપ એવન્યુ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૫
મો. ૯૮૨૫૫ ૫૨૭૮૧



13

# અનુક્રમ


ગુપ્ત રાખ્યું છે ........ 22

પરિત્રાણ મૂકી ........ 23

ક્યાંથી લાવીએ ? ........ 24

નક્કર ખાતરી ........ 25

તપાસીએ ........ 26

દ્વિધા હવે ........ 27

મૂર્તિ કોતરાવી ........ 28

જીવાડશે ........ 29

જળમાં પ્રગટતી જ્વાળા ........ 30

ચત–બઠ ........ 31

લગભગ લગભગ ? ........ 32

आगे बढ़ ........ 33

છોડી ઝંઝટ ........ 34

સાબિત થાય ........ 35

દિવાસ્વપ્ન ........ 36

જાગીર થઈ જશે ........ 37

ગુણીજન ........ 38

ભવ્ય ગઝલ ગુજરાતી ........ 39
રમ્ય અંબાર ફેંક્યો ........ 40
રંગીન માછલી છે ........ 41
હક  કરી કરીને ........ 42
(૧)  આગળ ઉપર જોયું જશે ........ 43
(૨)  હમણાં ઉતાવળ ના કરો ........ 44
(૩)  એવા ય દિવસો આવશે ........ 45
યાદ કરી જો ........ 46
તનાવપૂર્ણ શહેર ........ 47
પરાળથી પથ્થર સુધી ........ 48
(૧) ભેદે ભાષાનું વર્તુળ ! ........ 49
(૨) વૃક્ષ તો અંતર્ધાન ........ 50
(૩) મલોખાંની ભીંત ........ 51
(૪) મુર્છાગ્રસ્ત  લોક ........ 52
ગુર્જરી લખી ........ 53
બોલે ઝીણા મોર ........ 54
હરિ – કથા અનંતા ........ 55
અનુપમ દીઠો ........ 56
ઝણ ઝાલરી ઝણ ........ 57

મોતી કૈસા રંગા ?........ 58
કાયા ઝાડવું ........ 59
ત્રિકુટીમાં તાળી........ 60
લાલી........ 61
વગર........ 62
અમરવું નથી કૈં ........ 63
આગિયાઓ સળવળે........ 64
ન હોય ........ 65
આપજે........ 66
ગુણીજન ગાવ ગઝલ !........ 67
સઘળું  બાજુ પર મૂકીને !........ 68
હે મિત્ર !........ 69
અણી રાખે-........ 70
ઝાલરી   રમતી........ 71
જોયાં........ 72
ઓચરી લીધું........ 73
આભરણ લાગે........ 74
સરભર ........ 75
વણજ આપે ........ 76

પ્રભાવ કહું .......... 77

પહોંચે .......... 78

ઉગેલી પાંખને .......... 79

ઊંડાં  પાણીમાં .......... 80

પજવે છે હણહણાટી .......... 81

હોવાની ચર્ચા .......... 82

શીદ કરવી ? .......... 83

ઓળખવા દે .......... 84

વચ્ચે  ઊભાં  છીએ .......... 85

ફરી વરસાદ હો .......... 86

કંઇ  નથી .......... 87

કંઇ  નહી .......... 88

જાણી  જો .......... 89

શર્ત રાખશે .......... 90

શું કરું ? .......... 91

વિશે- .......... 92

મુખોમુખ થવું છે .......... 93

પ્રમાણિત છે સાહેબ .......... 94

શેષમાં સાહેબ .......... 95

સાધુ છે સાહેબ........................................................................................ 96

વારી..વારી.. જઈશું ! ............................................................................. 97

હિંડોળે હીંચું ........................................................................................ 98

ગુણથી એ ગુલકંદી .................................................................................. 99

ત્રુઠા .... ત્રુઠા ! ...................................................................................... 100

મિથ્યા .................................................................................................. 101

(૧) કવિ ................................................................................................ 102

(૨) નિરંતર દઝાડે. .................................................................................. 103

ખણખણે છે ખંજરી.. ............................................................................... 104

સંભાળી લે....!! ...................................................................................... 105

વરખની દાબડીમાં ................................................................................... 106

અંતઃરસમાં ઊતરી.... .............................................................................. 107

રે...! ...................................................................................................... 108

ફરી ફરી ................................................................................................ 109

## ગુપ્ત રાખ્યું છે

કહ્યું એથી વધારે ગુપ્ત રાખ્યું છે
બધું ઘરમાં છે, દ્વારે ગુપ્ત રાખ્યું છે

હકીકત છે 'હ'કારે ગુપ્ત રાખ્યું છે
પ્રથમ પળથી જ પ્યારે ગુપ્ત રાખ્યું છે

ઘડ્યા મનમાં 'ને મનમાં લાખ મનસૂબા
પ્રકટ કહેવામાં ભારે ગુપ્ત રાખ્યું છે

રહસ્યો તળનાં જાણી લે છે મરજીવા
નદીએ તો કિનારે ગુપ્ત રાખ્યું છે

હવે આઠે પ્રહર ચર્ચાય છે વિગતે
અમે જે છાશવારે ગુપ્ત રાખ્યું છે

રહ્યું ના માત્ર તારા એકથી છાનું
જે સઘળું શત-હજારે ગુપ્ત રાખ્યું છે

૨૨/૩૦-૦૧-૨૦૦૮

# પરિત્રાણ મૂકી

સોળવલ્લી ચૂપકીદીની અમસ્તી આણ મૂકી
હોઠ ઉપર આસમાની રંગની રસલ્હાણ મૂકી

અબઘડી એ નિસર્યાં આવાગમનની જાણ મૂકી
ખૂશ્બૂઓ રમણે ચડી હો એવું કચ્ચરઘાણ મૂકી

છો હીરા-માણેકનું હો, किन्तु ए बाजार है ना?
મૂલ્ય અંકાતાં અહીં સૌ સામે પલ્લે પહાણ મૂકી

કૈં યુગોથી આ તુસાદી અશ્વ હણહણતા નથી, ને-
કૈં યુગોથી વિનવું છું નિત નવાં જોગાણ મૂકી

તેં તગઝ્ઝુલમાં જરા પરફ્યુમની મસ્તી ઉડાડી
તો તરન્નુમમાં અમે લોબાન જેવી ઘ્રાણ મૂકી

એવું તે શું વૃક્ષના આ છાંયડાઓ પાથરે છે?
કેમ ખેંચે છે મને બેસી જવા પરિત્રાણ મૂકી ?

જલપરીઓની કથા જેવાં હતાં જે ભાવવિશ્વો-
એમાં ઉમેરણ કર્યું લ્યો ! વ્યાપ ‘ને ઊંડાણ મૂકી

ચંદ્રનું સત ઓગળ્યું, જળ ચાંદી ચાંદી થઈ ઊઠ્યાં, તો-
મેં ય મરજીવાઓ પાછળ જંપલાવ્યું વહાણ મૂકી

૨૮-૦૫-૨૦૧૨
જોગાણ=અશ્વોને તાકાત વધારવા ખવરાવતા અનાજ-કઠોળ.

## ક્યાંથી લાવીએ ?

તાપસને તપનું હોય એવું ભાન ક્યાંથી લાવીએ ?
ગપછપની વચ્ચે ગૂઢતા કે જ્ઞાન ક્યાંથી લાવીએ ?

ભીતરથી આરંભાઈ 'ને પહોચાડે પાછાં ભીતરે
અનહદ અલૌકિક આગવું પ્રસ્થાન ક્યાંથી લાવીએ ?

પોતે જ આવીએ, 'ને પોતે આવકારીએ વળી–
હરરોજ ઘરના ઊંબરે મહેમાન ક્યાંથી લાવીએ ?

સંવેદનાઓ સઘળી થઈ ગઈ છે ઠરીને ઠીકરું
ત્સુનામી જેવું લોહીમાં તોફાન ક્યાંથી લાવીએ ?

ના, કોઈપણ રંગો મને એની પ્રતીતિ દઈ શક્યા
એ મુખડું રમણીય ભીનેવાન ક્યાંથી લાવીએ ?

ખીલા તો શું ? એકેય સાચું વેણ સહેવાતું નથી
સમતા જ આભૂષણ બને એ કાન ક્યાંથી લાવીએ ?

પરભાતિયાં તો આપણે પણ આજ લગ ગાયાં ર્ક્યાં
કિન્તુ એ નમણાં નામનું સંધાન ક્યાંથી લાવીએ ?

૨૦-૦૪-૨૦૧૧

## નક્કર ખાતરી

આંખ છે, ક્યારેક ભીની થાય ચૂવે પણ ખરી
હા, પરંતુ જીવતાં હોવાની નક્કર ખાતરી

જીવની પડખોપડખ જે બેસવા લાયક ઠરી
વ્યક્તિ એવી કેમ એકાએક આવી સાંભરી ?

જે ર.પા.ના ગીતસંગ્રહમાં મૂકી'તી કાપલી
પાનું ખોલીને સવારે જોયું તો થઈ ગઈ પરી

રાત તો હમણાં જ પૂરી થઈ જશે એ બીકમાં
મન અવાચક 'ને પ્રતિક્ષા થઈ બિચારી બ્હાવરી

તું જુનાં સૌ કાટલાં લઈ એજ રસ્તા માપ્યા કર
હું તો ક્યાંનો ક્યાંય નીકળી જઈશ ચીલો ચાતરી

ડાઘ પહેરણ પર જે લાગ્યા'તા છૂપાવી ના શક્યા
કેવા કેવા ઘાટે જઈ અજમાવ્યા નસખા આખરી

કાળ ! હે મોંઘા અતિથિ ! તારો દરજ્જો જાણું છું
આવ સત્કારું તને હું, કાળી જાજમ પાથરી

૧૫-૦૮-૨૦૧૨

## તપાસીએ

વિગત તપાસીએ વિગતના વળ તપાસીએ
પડેલ ગૂંચ ઉકેલીએ સળ તપાસીએ

ગજુ-ગુંજાશ, બરો-બાહુબળ તપાસીએ
પડ્યું છે ક્યા સ્તરોમાં છદ્મછળ તપાસીએ

નરી પૃથક છે સમજ 'ને વિચાર પણ અણઘડ
છે મન બિચારું ય આકળવિકળ તપાસીએ

કદાચ કોઈ કડી મૂળ– કૂળની લાધે
રમકડા રૂપે ખરીદેલ ફળ તપાસીએ

વિશેષ ફીણથી કિનારે શું મળે બીજું ?
મઝા જુદી જ હો લેવી તળ તપાસીએ

પીડાની ભારઝલ્લી પોટલી મૂકી માથે
કરી હો પાર એ સૌ પળવિપળ તપાસીએ

જરૂર ત્યાંથી જ વાણીનો આદિ કણ જડશે
આ અર્થહીન અવાજોના દળ તપાસીએ

૨૯-૦૭-૨૦૧૨

## દ્વિધા હવે

ન તો કોઈ છે પરિકલ્પના ન તો કોઈ મનમાં દ્વિધા હવે
મરજી મુજબનો વિહાર બસ નથી આચરણમાં દ્વિધા હવે

જેઓ રણ-અરણ્ય ભમી વળ્યાં એને શું ભ્રમણમાં દ્વિધા હવે
નિરપેક્ષ એ સહુ સ્થળ વિશે નહિ પળ-પ્રહરમાં દ્વિધા હવે

ના વિચારશૂન્ય હું થઈ શકું, ના વિચારમગ્ન તું રહી શકે
અરે આ તે કેવી વિડંબના ? વિલસે મનનમાં દ્વિધા હવે

જુએ સ્વપ્ન પણ નવી રીતથી એવી આંખ સૌની સુસજ્જ છે
બધુ રંગ-રૂપથી સ્પષ્ટ છે, નથી જળ કે સ્થળમાં દ્વિધા હવે

કળી કલ્પવૃક્ષની છાંય તો થયું કલ્પલોકનું અવતરણ
હવે તથ-વિતથ બધું એકરસ રહે સદ્-અસદ્ માં દ્વિધા હવે

અપ્રગટ રહીને થવા ન દે વ્યવહાર જગનું અસંતુલન
તું પ્રગટ થયે કાં ન જાળવે ધરી ચારે કરમાં દ્વિધા હવે

૦૫-૦૭-૨૦૧૨

## મૂર્તિ કોતરાવી

કારણ વગરના સુખની નિત-નિત નરી ખુશાલી
મેં આ તરફથી ઝીલી 'ને આ તરફ ઉછાળી

અંદરના ઊભરાની અંગત કરી ઉજાણી
લંબાવી હાથ જાતે, જાતે જ દીધી તાળી

બે પંક્તિઓની વચ્ચેના સ્થાયી ભાવ જેવું
ધબકે છે ઝીણું ઝીણું કોઈ કસક અજાણી

હું છેક એની સામે પહોંચ્યો હતો, પરંતુ–
ભગવાને સ્હેજ અડક્યો ત્યાં થઈ ગયો બદામી

ના કોઈ કૈં જ જીતે, હારે ન કોઈ કંઈપણ
ભરપૂર જીવવાનું થઈને નર્યા જુગારી

જયારે 'ને જેવું ઈચ્છો એ હાજરાહજૂર હો–
મનમાં જ એવી સુંદર એક મૂર્તિ કોતરાવી

છું એ જ હું; સફરજન પણ એનું એ હજુ છે
તું પણ હજુય એવું નિરખે છે ધારી ધારી

૨૪-૦૫-૨૦૧૨

## જીવાડશે

કોઈને સુખ કોઈને ન્યોછાવરી જીવાડશે
અમને કવિતા નામની સંજીવની જીવાડશે

અણસમજ ભમરાની યજમાની કરી જીવાડશે
જાત ઓઢાડી કમળદળ-પાંખડી જીવાડશે

શું વધારે જોઈએ ? એક કાળજી જીવાડશે
લખ અછોવાનાં બરાબર લાગણી જીવાડશે

હાથમાં હિંમત નથી 'ને પગ તો પાણીપાણી છે
તો હવે શ્રદ્ધાની ટેકણલાકડી જીવાડશે

સાચાં-ખોટાંના બધાયે ભેદ તો સાપેક્ષ છે
શિર સલામત નહિ રહે તો પાઘડી જીવાડશે

શું લખું ? ક્યા શબ્દની આરાધના કેવી કરું ?
ક્યાં ખબર છે ! કઈ રીતે બારાખડી જીવાડશે

ચાલ, થોડી લીલી-સૂકી સાચવીને રાખીએ
કૈ નહી તો એ સ્મરણ, એ દાબડી જીવાડશે

૧૫-૦૬-૨૦૧૧

## જળમાં પ્રગટતી જ્વાળા

ધીમા પરંતુ મક્કમ એ ડગ ભરે નિરાળા
દૃષ્ટિમાં સ્વપ્નસૃષ્ટિ, મન મારતું ઉછાળા

ક્યાં પહોંચવાની ધખના, ક્યાંની જપો છો માળા ?
ઘર પોતે આમ તો છે હસ્તાર 'ને હડાળા

ઊઘડવાં દીવાલો બિલકુલ હતાં જે સક્ષમ
એ ટેરવાંને કોણે મારી દીધાં છે તાળાં ?

અંદર રહી ઊછરતી ઉત્કંઠ કામનાઓ
દેખાડવા છે તત્પર કૈં આકરા ઉનાળા

આ મારું લોહી છે ? કે કોઈ બજારું સ્ત્રી છે ?
દિન-રાત ભોગવે કાં સૌ ઉબકા – ઉકાળા ?

અચરજ ગ્રહી સ્થિતિનું સામ્રાજ્ય તો જુઓ આ
જ્વાળામાં રમતાં જળ 'ને જળમાં પ્રગટતી જ્વાળા

ગરવી ગઝલના જાણે બે રસ છલકતા મિસરા
પહેલો તે સંજુ વાળા બીજો ય સંજુ વાળા

૧૬-૦૭-૨૦૧૨

## ચત–બઠ

એમાં શું કરવી ચત–બઠ
તું પણ શઠ 'ને હું પણ શઠ

ગાંઠ વળી ગઈ છે નિંગઠ
થાય નહિ પાંચમની છઠ

છૂટક – છૂટક કે લાગઠ
ફેરા ફરવાના અડસઠ

ફતવા, ડંકા, તાબોટા
સૌને સૌના નિજી મઠ

તારા સિંહાસન સામે
અમેય લે ઢાળ્યો બાજઠ

તારે શું તડકો? શું ટાઢ?
ઓ..રે ! પૂતળી સુક્કીભઠ

અહીંથી હવે ઉડો ગઝલ !
બહુ જામી છે હકડેઠઠ

અક્ષરનેય ભાગ્યા, તોડ્યા
બાળક જેવી લઈને હઠ

અવળે હાથે પીધો અર્ઘ્ય
અકોણાઈ ઊગી લાગઠ

'અહાલેક'- ની સામે બીજો
નાદ કોઈ માંડે ના બઠ

તારે કારણ હે નરસિંહ !
વૈષ્ણવજન આખું સોરઠ

૨૭-૧૧-૨૦૦૮
અકોણાઈ : અવળચંડાઈ

## લગભગ લગભગ ?

કોની લગનીથી રગ રગ
ધખધખતી અણજાણી અગ

ભીંત સોંસરું ભાળે દ્રગ
અતલાંતને અડતા પગ

'ખ' વીંધે તે સાચાં ખગ
સંમત હો કે ના હો જગ

નહિ ચિઠ્ઠી, નહિ સંદેશો
ના મોભારે બોલે કગ

નિજ- ઘરનાં ભીડ્યાં દ્વારે
જઈએ લઈને કોની વગ?

તારી સૃષ્ટી વચ્ચે, તું–
પોતે કાં લગભગ લગભગ ?

જમિયલશા ! પડકારો દ્યો,
ગિરનારે ચીંધ્યો મારગ.

૧૪-૦૭-૨૦૦૮
અતલાંત : તળ વગરનું

## आगे बढ़

આ તે કેવી લાગી રઢ ?
અણુ–અણુએ બાંધ્યા મઢ

સાબૂત સૌ સંવેદન-ગઢ
તોય પ્રતીતિ ના થઈ દ્રઢ !

વિના કોઈ કારણ સુદ્રઢ
વકરી જળ - વાયુમાં વઢ

કાંઠેથી લંબાવી હાથ
સાંધ્યો તે મધદરિયે સઢ

તું મારે, તું ઉગારે –
તારી આ લટકાળી લઢ

જીવતર ઉર્ફે રણસંગ્રામ
તું પણ એમાં આવી ચઢ

છેલ્લું ડગલું તારે હાથ
સાવધ થઈને आगे बढ़

૨૧-૧૧-૨૦૦૮

# છોડી ઝંઝટ

સૌ વ્યવહારો ચોખ્ખાચટ
તોય હાથ કાં મેલામટ?

કાળ કઠણ 'ને પળ પોચટ
વાહ વખા ! તારી ચોખટ

નામ નથી હોતું લંપટ
અંદરની સઘળી ખટપટ

વચગાળાની લઇ ચોવટ
ડહોળી વરસોની ઘરવટ

ઘેન વધારે થાતું ઘટ
નિરખીને નાગણ શી લટ

તું કે' તો અજમાવું પણ
વટ માથે શું પડશે વટ ?

ઓળખ અળપી બેઠો છે
મનમાં ઊછળતો મરકટ

આ સૌ નિરાંતજીવી પણ
નાચી-નાચી થાક્યા નટ

જોઈ તને હું દોટ મૂકું
તુંય ઉપાડે પગ ઝટઝટ

તક શોધીને તાક્યું છે
નક્કી નીકળશે સોંપટ

સરસ્વતીનું વ્હેણ નથી તું
હું પણ ક્યાં છું ગંગાતટ ?

કવિતા જેવી છાંય મળી
કેમ કહું ફેરો ફોગટ ?

ભભૂત, કંથા,જપ-તપ,ધ્યાન..
કહી ગઝલ, છોડી ઝંઝટ

૧૦-૦૪-૨૦૦૯
અળપી છૂપાવી

## સાબિત થાય

તપી, તૂટી, તણાઈ સોનું સાબિત થાય
બધી સ્થિતિ વટાવી હોવું સાબિત થાય

જરા ઓગળતા ઓળખ મ્હોરું સાબિત થાય
'ને મ્હોરાં એકઠાં થઈ ટોળું સાબિત થાય

તણખલા જેવડું એક તથ્ય પણ ક્યારેક
ઘરોબો કેળવી મસમોટું સાબિત થાય

કદી કાપડનો અમથો ટુકડો ધારે-
થવા વરણાંગી તો ઘરચોળું સાબિત થાય

સુરીલું વાગવાની કામના લઈને–
હું નમણી ફૂંક મારું, પોલું સાબિત થાય

હજારો વાહ.. વાહ.. કહીને ગયા, 'ને તું
રહીને ચૂપ રસનું ઘોયું સાબિત થાય

એને પત્રબોમ્બની ક્યાં જાણ છે સ્હેજે ?
કબૂતર ભોળું છે 'ને ભોળું સાબિત થાય

પૂરા પૂર્ણત્વને પામી જવા કરતાં
ભલેને એય અરધું-પોણું સાબિત થાય

૧૦-૦૨-૨૦૧૧

## દિવાસ્વપ્ન

એવાંય ઘણી વાર દિવાસ્વપ્ન આવતાં
સમજાય સપનસાર દિવાસ્વપ્ન આવતાં

અંધાર અણીદાર દિવાસ્વપ્ન આવતાં
અજવાસની બૌછાર દિવાસ્વપ્ન આવતાં

અણદીઠને ઉગાડવા આંખોએ આદરી–
તૈયારી તડામાર દિવાસ્વપ્ન આવતાં

સાક્ષાત કહો, તે નર્યું કલ્પ સંભવે
એ સત્યનો સ્વીકાર દિવાસ્વપ્ન આવતાં

આ ચિત્ત કૈં ભમરી થતી ઈયળ નથી હે મિત્ર,
બદલાય ના વ્યવહાર દિવાસ્વપ્ન આવતાં

ભીતરમાં જે ઝીલાયું તેને દોર્યું ભીંત પર
'ને ચીતર્યા શણગાર દિવાસ્વપ્ન આવતાં

મેં જાગતાં તો જાણ્યો હકીકત રૂપે નરી–
છે અટપટા આકાર દિવાસ્વપ્ન આવતાં

૧૫-૦૬-૨૦૧૦

## જાગીર થઈ જશે

પરચો બતાવશે પછીથી પીર થઈ જશે
આખું શરીર દુઃખની જાગીર થઈ જશે

સંવેદનાના શસ્ત્રને હો બા-અદબ સલામ
એ આંખ ઊંચકશે 'ને તીણું તીર થઈ જશે

કિનખાબી ભૂતકાળનો પડદો પડે અને
સૌ પાત્ર રંગમંચનાં દિલગીર થઈ જશે

મસ્તિષ્કમાં સભા ભરી બેઠેલ સંસ્મરણ
પ્રત્યેક મારા શબ્દની તાસીર થઈ જશે

નિર્જન બપોરવેળ જેવા મનની ડાળ પર
તારા વિચારમાત્ર કોયલ-કીર થઈ જશે

ભાંગેલ ભીંત શી અવસ્થાની અણીએ તું
આધાર આપશે અને અકસીર થઈ જશે

૧૪-૦૪-૧૯૯૫

## ગુણીજન

સહજ સાંભરે એક બાળા ગુણીજન
ગઝલ ગીતની પાઠશાળા ગુણીજન

પ્રણયની પઢી પાંચ માળા ગુણીજન
ખુલ્યાં બંધ દ્વારોનાં તાળાં ગુણીજન

નહીં છત મળે તો ગમે ત્યાં રહીંશુ
ભરો કિન્તુ અહીંથી ઉચાળા ગુણીજન

કદી પદ-પ્રભાતી કદી હાંક, ડણકાં
ગજવતા રહે ગીરગાળા ગુણીજન

પડ્યો બોલ ઝીલે, ઢળે ઢાળ માફક
નીરખમાં ય નમણા, નિરાળાં ગુણીજન

ધવલ રાત્રી જાણે ધુમાડો ધુમાડો
અને અંગ દિવસોનાં કાળાં ગુણીજન

આ મત્લાથી મક્તા સુધી પહોચતા તો
રચાઈ જતી રાગમાળા ગુણીજન

૦૩-૦૪-૧૯૯૮

# ભવ્ય ગઝલ ગુજરાતી

રૂપ - અરૂપા  હેશતરૂપા !  ભવ્ય ગઝલ  ગુજરાતી
તું  જ છલકતા અમિયલ કૂપા ભવ્ય ગઝલ ગુજરાતી

તું  કેદારો,  તું  મંજીરા,  તું  જ  ચદરિયા  જીની
રે ભજનોની નિત્ય અનૂપા ! ભવ્ય  ગઝલ ગુજરાતી

બાલાશંકર,  સાગર,  શયદા,  મરીઝ, ઘાયલ, આદીલ
મનોજ, મોદી,  શ્યામ સરૂપા  ભવ્ય ગઝલ ગુજરાતી

તું ચંદા,  તું સનમ,  છાન્દસી,  તું  ગિરનારી  ગૂહા
સૂફીઓમાં  તું  સ્પંદન  છૂપા  ભવ્ય  ગઝલ ગુજરાતી

અર્થા,  વ્યર્થા,  સદ્ય  સમર્થા,  તું  રમ્યા , તું  રંભા–
તું  મારી  ભાષામાં  ભૂપા !  ભવ્ય  ગઝલ  ગુજરાતી

૧૦-૦૮-૨૦૦૭

## રમ્ય અંબાર ફેંક્યો

અહીંથી ઉઠાવીને ઓપાર ફેંક્યો
જણસ રદ્દી જાણી લગાતાર ફેંક્યો

નગર નાગરિકતાનો આચાર ફેંક્યો
ત્વચા જેમ વળગેલ વ્યવહાર ફેંક્યો

કુહાડાનો હાથો બની નમણી શાખે
અરે ! આખા જંગલને પડકાર ફેંક્યો

કલમ નામની કોઈ જાદુઈ-છડીથી
સરેઆમ કોણે ચમત્કાર ફેંક્યો ?

નરી ધૂળની એક ઢગલી ઉપર તેં,
વિના કારણે રમ્ય અંબાર ફેંક્યો

હજુ પણ છે ચર્ચામાં મશગૂલ સંતો
અમે પ્રશ્ન એવો ધૂઆંધાર ફેંક્યો

૧૧-૧૦-૨૦૦૦

## રંગીન માછલી છે

ઝાંખા ઉજાસ વચ્ચે તેં જે કથા કહી છે
સાંભળજે કાન દઈને એની જ આ કડી છે

પંખી યુગલને વડલાની ડાળ સાંપડી છે
'ને ક્રૌંચવધની ઘટના જીવમાં ઝમી રહી છે

પળને બનાવે પથ્થર, પથ્થરને પારદર્શક
તાકી રહી છે કોને આ કોની આંગળી છે ?

નખ હોય તો કપાવું, દખ હોય તો નિવારું
ભીંતરને ભેદતી આ મારી જ પાંસળી છે

કાજળ બનીને આવો કે જળ બની પધારો
પાંપણથી નમણી બીજી ક્યાં કોઈ પાલખી છે ?

ઈચ્છાના કાચઘરમાં એ કેદ થાય અંતે,
માણસનું નામ બીજું રંગીન માછલી છે

૧૫-૦૪-૧૯૯૫

## હક કરી કરીને

રમણીય સ્વરની સાથે ટક ટક કરી કરીને
તું જાગતા જ રાખે રકઝક કરી કરીને

હમણાં સમાપ્ત થાશે સત્ર કાઉ કાઉનું પણ
આ ચકલીઓ પજવશે ચક ચક કરી કરીને

શું અન્ય કોઈ રીતે એ સંભવી શકે ના ?
સાબિત થવાનું જીવિત ધક ધક કરી કરીને ?

ફાટેલ આ મિજાજી કંઈપણ નહીં સ્વીકારે
વીણી વીણીને લેશે એ હક કરી કરીને

હું બૂમ પાડી ઊઠું એ પહેલાં પ્લીઝ, સાંભળ
થાક્યો છું 'નામ-સમરણ' અણથક કરી કરીને

સમૃધ્ધ સૌ ઠઠારા તારા તને મુબારક !
ભીતર અમેય રાખ્યાં ભરચક કરી કરીને

મારી પ્રતીતિઓનાં સઘળાં પ્રમાણ કવિતા
અન્યત્ર ક્યાં તું શોધે છે શક કરી કરીને ?

ક્યાં જ્ઞાનગોષ્ઠિ વચ્ચે આવી ચડયા હે સંજુ !
ગઝલો ય કહેવી પડશે મુકતક કરી કરીને

૦૫-૦૫-૨૦૧૨

## આગમવાણી (ત્રણ આંતર સંબંધિત ગઝલો)

### (૧) આગળ ઉપર જોયું જશે

હે મન અધીરા મા હજો આગળ ઉપર જોયું જશે
એ જે પઢાવે તે પઢો આગળ ઉપર જોયું જશે

તેં રાસલીલાનું નિમંત્રણ મોકલ્યું આગ્રહથી પણ-
આજે તો છે ઉજાગરો આગળ ઉપર જોયું જશે

ઈચ્છા લગોલગ છેક આવીને ઊભા છો તો હવે
આંખો મીંચીને ખાબકો આગળ ઉપર જોયું જશે

આદમના વંશજ આદમી ! ખોબોચિયું શું ચીજ છે ?
ના આમ થા બેબાકળો આગળ ઉપર જોયું જશે

પાષાણને પલટાવતી વાણીનું હો વરદાન તો-
સૌ કોઈને એ સાંપડો આગળ ઉપર જોયું જશે

શતરંજની બાજી છે દુનિયા, એવું સમજાયા પછી
ચાલો નવેસરથી રમો આગળ ઉપર જોયું જશે

ઊંડાં રહસ્યો જે ઉકેલી ના શક્યા તેણે કહ્યું-
હમણાં ઉતાવળ ના કરો આગળ ઉપર જોયું જશે

૨૩-૦૯-૧૯૯૯

## (૨) હમણાં ઉતાવળ ના કરો

આથમશે એ અસ્તાચળે હમણાં ઉતાવળ ના કરો
પોતાના ભારે ભાંગશે હમણાં ઉતાવળ ના કરો

ફળીયે ફરે છે કલ્પના, પોઢ્યા વિચારો પારણે
કાલે એ રમશે સોગઠે હમણાં ઉતાવળ ના કરો

મારા ભીતરના ભાવને માટી ય દેશે સાખ પણ
ચડવા દો એને ચાકડે હમણાં ઉતાવળ ના કરો

ભાષાના ભીના લયમાં આર્જવ તો ઉમેરી જો જરા
એ આપમેળે ઊગશે હમણાં ઉતાવળ ના કરો

છે એક મૃગ, જંગલ છે, “ને મૃત્યુ પર્યંતિ દોડ છે
કહેવાય ના ક્યા જઈ ચડે હમણાં ઉતાવળ ના કરો

એકાદ લમણે ઔર ધરબી દઈ કહો “નમ:શિવાય”
બે-ચાર સેકન્ડ લાગશે હમણાં ઉતાવળ ના કરો

એવું બને કે જાતને ખોબામાં લઈ ફરવું પડે
એવાય દિવસો આવશે હમણાં ઉતાવળ ના કરો

૩૦-૦૧-૨૦૦૨

## (૩) એવા ય દિવસો આવશે

દૃષ્ટિમાં અંધારા દ્રવે એવાય દિવસો આવશે
સંધાય તૂટે અનુક્રમે એવાય દિવસો આવશે

બુઠ્ઠા પ્રયત્નોની અણી બટકે છતાં છેદાય ના -
“ને અર્થ તળમાં ત્રમત્રમે એવાય દિવસો આવશે

વિસ્ફોટ પેલીપાર થાશે ‘ને અહીં હારાકીરી
મચવી જશે સૌનાં દ્રગે એવાય દિવસો આવશે

સૈકાઓના કોલાહલોને ભેદતા મારા સ્વરો
હું સાંભળું આ સાંપ્રતે એવાય દિવસો આવશે

ભાગું શરીરી સખ્ય છોડી બહાર તે પહેલાં મને
કો’ અન્ય આવીને ગ્રસે એવાય દિવસો આવશે

ક્ષણ ક્ષણ-ના ફૂંકાતા પ્રલય વચ્ચે નર્યા નિરાંતવા
બેસાય જેના આશ્રયે એવાય દિવસ આવશે

ચાલો સુગંધી સૃષ્ટિમાં મળશું ફરી સુગંધ થઈ
તું કાનમાં એવું સ્ત્રવે એવાય દિવસો આવશે

૧૬-૦૨-૨૦૦૨
હારાકીરી : સામુહિક આત્મહત્યાથી ફેલાતું ત્રાસનું વાતાવરણ

## યાદ કરી જો

હળવેથી પાછું જોઈ મને યાદ કરી જો
કથની હે રસવછોઈ મને યાદ કરી જો

ટહુકાળ ટીપું ટોઈ મને યાદ કરી જો
લીલકાય લીલું કોઈ મને યાદ કરી જો

ભૂંસી દે નામ-ઠામની અવધારણાઓ સૌ–
સઘળી દિશા સંજોઈ મને યાદ કરી જો

તળ મારું તાગવાના બધા યત્ન તજી દઈ
તું જીવ જળમાં પ્રોઈ મને યાદ કરી જો

દેવાધિદેવ સ્મિતનો, પળવારમાં પ્રગટું
થાકે જો રોઈ રોઈ મને યાદ કરી જો

હું આ હતો 'ને એ હતો, મેં આ કર્યું 'ને તે–
વીગતથી હાથ ધોઈ મને યાદ કરી જો

હીરો સલાટ આજ પણ મારામાં જીવે છે
હું એ જ છું ડભોઈ મને યાદ કરી જો

૨૮/૦૬/૨૦૧૦
સંજોઈ : પેરાવવી

## તનાવપૂર્ણ શહેર

અવાજને પૂરી દીધો છે ચોગઠામાં
થશે બિન્ધાસ્ત આવ-જા હવે સભામાં

આ લકવાગ્રસ્ત હાથનો ય હેતુ એ છે ?
કે, કોઈ ગેરહાજરી ન હો ઝભામાં ?

બધી ક્રિયાથી આંખ અળગી તો કરી પણ
હજુ ચહલપહલ ખૂંચે છે પોપચાંમાં

ઉદાહરણ તરીકે મેં અનંગ ગાયો
તો એમણે તરત પહેરી લીધો ગળામાં

તનાવપૂર્ણ શહેર આખું ઉંચકીને
મળો છો કેમ હરવખત મને જ સામા ?

સમુદ્ર નામ હોય છે અનેક પળનું
કરે છે ડહોળવાના યત્ન સૌ નકામા

૧૫-૦૨-૧૯૯૦

## પરાળથી પથ્થર સુધી

પ્રથમ પાણીથી પાર થઈ જવા આદેશ દો !
પછીથી ક્યાંય પણ ઝઝૂમવા આદેશ દો !

તમસ પ્હોચી ગયું છે આંખની પરસાળ લગ
ઘડીભર ત્યાં જ અટકી જવા આદેશ દો !

ધુમાડો થઈ ગયા વિશે કહું તત્કાળ શું ?
પલક-પળવાર તો વિચારવા આદેશ દો !

પળેપળ બિસતંતુ જેમ મન કરમાય, 'ને
વધારામાં તમે ય નિતનવા આદેશ દો !

ઉનાળો વ્યાપ્ત છે પરાળથી પથ્થર સુધી
તરસ હે કાળઝાળ ! તૂટવા આદેશ દો !

નર્યો ઉન્માદ થઈ જવાય તે પહેલાં, હૃદય !
કસક એકાદ તો ઉછેરવા આદેશ દો !

૧૭-૦૪-૧૯૯૦
બિસતંતુ : કમળના રેસા

## છપ્પા – ગઝલ

### (૧) ભેદે ભાષાનું વર્તુળ !

સામે ચાલી માગ્યાં શૂળ
પહેર્યાં જાણીને પટકૂળ

વ્હાલું જેને મુંબઈધામ
એને શું મથુરા-ગોકુળ ?

એ શું સ્વાદનો જાણે મર્મ ?
બહુ બોલકા ચાખે ગૂળ !

નક્કી પામે એ નિર્વાણ
ભેદે ભાષાનું વર્તુળ !

ભીંતો હારી બેઠી હામ,
અને ઈમલો પણ વ્યાકૂળ

ભાગી છૂટ્યાં થઈ એકજૂથ
ઘરડી ઈમારતનાં મૂળ !

તર્યા-ડુબ્યાની મળે ના ભાળ
અડસટ્ટે ઈકોતેર કુળ

ઝાલીને માળાનો મેં'ર
નર્યા સુક્ષ્મને કીધું સ્થૂળ !!

૦૭-૦૧-૨૦૧૧

(૧) ગૂળ : ગોળ, (૨) ઈમલો : કાટમાળ

## (૨) વૃક્ષ તો અંતર્ધાન

થઈ એકઠાં સુક્કાં પાન
ગાય વૃક્ષનુ મહિમાગાન

ખખડી, ખંખોળે સંધાન
તોય વૃક્ષ તો અંતર્ધાન

લવે, રટે કરતા શુકપાઠ
ના સમજે ઈશારો, સાન

પથ્થર-ઉલ્કા એક સમાન
એની આગળ શું વિજ્ઞાન ?

ભય મોટો કે ભૂંડી ભૂખ ?
બેઉં બિચારાં દયનીય મ્લાન

રહે નહી અવધારણ ભાન
બન્નેથી ચડીયાતું જ્ઞાન

વિસ્તાર્યું વાતોનું વૃત
ક્યાંથી પામ્યા આ વરદાન ?

nothingnessનું પકડી પુચ્છ
થઈ બેઠા અકારણ મહાન

૧૧-૦૧-૨૦૧૧

## (૩) મલોખાંની ભીંત

સહુ સહુ-નાં નિજ-વર્તન રીત
પરખે ના પોતાનું ચિત્ત

કૂવો પૂર્યા પછીનું જ્ઞાન
અભણ આંકતા જેમ ગણિત

ખાખરની ખિસકોલી સ્વાદ
યાને મન વગરની પ્રીત

અલગ અલગ ભાષા ભૂમિત
કહો ! થાય કેવું વિદિત ?

મણઝર સામે ઘી-નો દીપ
ક્યું અજવાળું થાય પ્રતીત ?

લખ ચોર્યાસીમાંથી એક
થાય બાદ તો શું વંચિત ?

આગળ-પાછળ સર્વે ઠીક
પગલું માંડે જાણી હિત

રહે ફૂંકનો પણ સંદેહ
નર્યા મલોખાંની હો ભીંત !!

૧૨/૦૧/૨૦૧૧

(૧) મણઝર : ફેણ ઉપર મણિ હોય તેવો નાગ
(૨) મલોખા : જુવાર-બાજરાના રાળમાંથી નીકળતો ગર્ભની સળીઓ

## (૪) મુર્છાગ્રસ્ત લોક

ગાઢ અરણ્યો વચ્ચે પોક
રડે, કૂટે પણ સર્વે ફોક

સંવેદનહીનને શી શેહ ?
શહેર છોને પાળે શોક

આંખો મીંચી કરતાં જોખ
પરખાશે કેવો આલોક ?

ઝીણવટથી જુએ તું દૂર
પગ પખાળે ત્રણે લોક

મધમાં બોળી વાવે વેણ
નિખારવા સુભાષિત, શ્લોક

દઈ ટકોરા ખોલ કમાડ
અંદર તો પહેલાં વિલોક !

કહે કંઈક સંભળાતું કંઈ
અવઢવ ઊગે થોકેથોક

અરધાને અધકચરી ઊંઘ
અરધું છે મુર્છાગ્રસ્ત લોક

૨૨/૦૧/૨૦૧૧

## ગુર્જરી લખી

રંગે-રૂપે તો છે શકુંતલાની સખી
કિન્તુ સ્વભાવે લીંમડાની ડાળખી

થોડી હકીકત છે, ‘ને થોડી કલ્પના
બન્ને રીતે વિતકકથા મેં આળખી

પાણી હો પાણી ને હો માટી, માટી તો
વરસાદમાં પલળીને શાથી ધખધખી ?

ઝબકાર તું જો હોય તો ઝબકાર થા
આજે તને લઈશું પલકમાં પારખી

સપનામાં આવી કલ્પવેલીની કળી
તે બાદ મેં મારી ગઝલને ઓળખી

ઈશ્વર તું હોય તો તારી ભાષા બોલ, લખ !
મેં ગુર્જરી બોલી અને ગુર્જરી લખી

૦૫/૦૮/૧૯૯૯

## બોલે ઝીણા મોર

રાધે તારા ડુંગરિયા પર બોલે ઝીણા મોર
કિન્તુ ના સમજાય અમે તો જન્મજાત ઢોર

બધું ઓગળ્યું પણ નથી ઓગળતો અડિયલ તોર
આરપાર જો તું નીકળે તો રહીએ શું નક્કોર?

ક્ષણિક આગિયા જેવું ઝબકો તો પણ ધનધન ભાગ્ય !
એ રીતે પણ ભલે ચીરાતું અંધારું ઘનઘોર

છો ને અકબંધ રહે સમજની પાર રહેલા વિશ્વ
અથવા તે શા કાજે આપી દૃષ્ટિ આ કમજોર?

લઈ અજાણ્યા ઝબકારાને ઓળખવાનું બ્હાનું
સમી સાંજથી બેઠા‘તા ‘ને પ્રગટી ચૂકી ભોર

શા માટે આ કવિતામાં એક અર્થ... અર્થ... ની બૂમ
કોને ના સમજાતાં જુદા ચીસ અને કલશોર !

(પ્રથમ પંક્તિ-સંતકવિયત્રી મીરાંબાઈ)
૧૫/૦૭/૨૦૦૯

## હરિ – કથા અનંતા

હરિ અનંત હરિ– કથા અનંતા
પહેરણ વણતા પ્રગટી કંથા

ક્ષણ માટે ડહોળ્યાં મનવંતા
શક વાવ્યા 'ને ઊગી શંકા

વરત વિવિક્ષા, ગરથ ઉદાસી
સત પર ચડતું ઈંડું સંતા

સ્થિર સમય 'ને પવન ઠરેલા
કિયા મૂલક? ક્યા એના પંથ?

નહિ ધાતુ, નહિ ચામ, કાષ્ટ નહિ
કઈ દાંડી, ક્યાં વાજત ડંકા?

મોતી અથવા મળે મહાપદ
મન મહેરામણ મન સર પંપા

ઉઘાડીએ અચરજ જો આવો
અન્ય કશું, શું આપે રંકા ?

**(પ્રથમ પંક્તિ-સંતકવિ તુલસીદાસ)**
**૦૨/૦૭/૨૦૦૯**

## અનુપમ દીઠો

આજ અનુપમ દીઠો એવો
પથ્થરને વળતો પરસેવો

ચડી જ્ઞાનની ઘેઘૂર ટોચે
ટચાક દઈને તોડી ટેવો

ચકવા જેવી લગની લઈને
ચકવી જેવો લ્હાવો લેવો

ભાષા ! તું ભીતરનું ભોજન
ભાવ ભળે તો મિસરી-મેવો

સ્વર્ગ, મોક્ષ સઘળું આ કાગળ
શબ્દો સાક્ષાત કોટિક દેવો

(પ્રથમ પંક્તિ સંદર્ભ – સંતકવિ રવિ સાહેબ)
૦૫/૦૬/૨૦૦૯

## ઝણ ઝાલરી ઝણ

ઝણણણ ઝણણણ ઝણ ઝાલરી ઝણ
રવ પહેરીને ફરતી હરક્ષણ

કસબી થઈને જાડું કાં વણ ?
ધરીએ પરથમ ધાગાની ધ્રણ

નવતર કેવું જીવતર દીધું ?
દિવસ – રાત સરખું સમરાંગણ

આવો કાં તું બહેરો, મીંઢો
ના હોંકારો , ના અકળામણ !

કોઈ બતાવે એવું ઘર જ્યાં
હોય નહી માટીનાં વાસણ

તાર – સ્વરો છોડીને સાધો !
મંદ્ર, મધ્યમાં થઈએ રણઝણ

એક જ નામ-સ્મરણને કારણ
પડ્યા જીભ પર લીલાં આટણ[૧]

(પ્રથમ પંક્તિસંદર્ભ : સંતકવિ દાસી જીવણ)
૧૧/૦૬/૨૦૦૯
(૧) આટણ : ઘસાવાનું નિશાન

## મોતી કૈસા રંગા ?

દેખ્યા હો તો કહી બતલાવો મોટી કૈસા રંગા?
જાણે કોઈ સુરી કવિજન યા હો ફકીર મલંગા

મનમાં ને મનમાં જ રહે લયલીન મહા મનચંગા
સ્વયં કાંકરી, સ્વયં જળમાં ઉઠતા સહજ તરંગા

જ્યાં લાગે પોતાનું ત્યાં નાખીને રહેતા ડંગા
મોજ પડે તો મુક્તકંઠથી ગાવે ભજન– અભંગા

એ વ્યષ્ટિને એ જ સમષ્ટિ એ 'આ' ને એ 'તે' જ
એ આકાશી તખ્ત શોધવા ભમતા ભગ્ન પતંગા

ધૂસર વહેતી તમસામાં એક દીપ– સ્મરણના ટેકે
રોજ ઉતરીએ પાર લઈને કોરાકટ્ટ સૌ અંગા

માનવાસી જન્મે મનમધ્યે જાત– રહીતા જાતક
રંગરૂપ આકાર વિનાયે અતિ સુન્દર સરવંગા

(પ્રથમ પંક્તિ – ભક્તકવિ અરજણદાસ)
સ્મરણ – શ્રી નરોત્તમ પલાણ સાહેબ
૩૦/૦૭/૨૦૦૯

## કાયા ઝાડવું

મૂળ રે વિનાનું કાયા ઝાડવું
કોણ સમજે? કોને આ સમજાવવું?

ક્યાંથી નીકળવું અને ક્યા પહોચવું?
કોને ઘર જઈને કહો શું વ્હોરવું ?

સ્હેજ હળવા હાથથી તું કર પ્રહાર
તંત છું, પ્રતિભાવ મારો વાગવું

ચાર આંખોના મિલનને પ્રેમ કહી
કામનાને નામ તે આપ્યું નવું

થઈ બધી પ્રતીતિઓ પણ તારતાર
જાણે ઊખળતા જ તૂટ્યું રાંઢવું

એકબીજામાં ભળ્યાં 'ને ઓગળ્યાં–
દૂરનું સંધાન 'ને આ નેજવું

પાંખને ધારી તો પ્રગટ્યાં પંખીઓ
પંખીને ધરીને શું પ્રગટાવવું ?

**(પ્રથમ પંક્તિસંદર્ભ– સંતકવિ રવિ સાહેબ )**
**૧૫/૦૬/૨૦૦૯**

## ત્રિકુટીમાં તાળી

મુને લાગી ગઈ રે ત્રિકુટીમાં તાળી
એણે રામસાગરની લગની લગાડી

મળી એક ક્ષણમાં જ દૃષ્ટિ નિરાળી
અને સાવ જુદી જ સૃષ્ટિ નિહાળી

ગરક થઈ જવાની ઘડી જ્યારે આવી
તરત ટોળામાંથી લીધા તે ઉગારી

જતા દૂર ભાળી સહજ રાડ પાડી
તો સાબિત થઈ એ મરણચીસ કાળી

મહામૂલી ધખના ને વસ્તુ અદેહી
રહી શોધ બાકી, રહ્યા યત્ન જારી

અહો ! ઊતરી ક્યાંથી વિવિધ રંગ-રમણા?
કદી જોઈ ના આવી ઝળહળ રુંવાટી

ભર્યો એક મૃત્યુએ સબડકો ચસોચસ
અને રસ-છલકતું થયું પાત્ર ખાલી

(પ્રથમ પંક્તિ સંદર્ભ - ભક્તકવિ લખીરામ)
૩૦/૦૬/૨૦૦૯

# લાલી

લાલી મેરે લાલક જિત દેખું તિત લાલ
નભના નેવેથી સતત અઢળક ઢળતું વ્હાલ

તળમાં રમતી વીજળી પ્રગટ થશે અબહાલ
મુઠ્ઠીમાં લઈને શિખા ખેંચી કાઢી ખાલ

કરતું છાનાં ડોકિયાં ઘટમાં બેઠું વ્યાલ
ઓળખવું અઘરું પડે ઓળખીએ તો ન્યાલ

આ તે કેવા દીધા દિન કરીએ ક્યાં ફરિયાદ
બહુ હલાવ્યા હાથ પણ વાગી નહીં કરતાલ

નવતર નાતો જાણીએ જળઝીણો અનુબંધ
શિકારા તારા સ્મરણ, મન મારું છે દાલ

રુમઝુમ રણકે ખંજરી ધ્રાંગ ધડૂકે ઢોલ
વચ્ચે ભીતરનો મૃદુ સાવ અનોખો તાલ

વિકસતા નીચે નમે નિશદિન દે સુગન્ધ
સાધો એવાં વૃક્ષની છો કડવી હો છાલ

(પ્રથમ પંક્તિ સંદર્ભ– સંતકવિ કબીર સાહેબ)
૧૫/૦૭/૨૦૦૯
(૧) વ્યાલ : શિયાળ

## વગર

કોઈ કારણ વગર, કોઈ ચર્ચા વગર
ચાલ પડીએ જુદા કૈં જ સ્મર્યા વગર

પાર કરીએ વીતક હામ હાર્યા વગર
દઈ ધુબાકો કશું પણ વિચાર્યા વગર

ઊગી 'ને આથમે, આથમી 'ને ઊગે
કામ ચાલ્યા કરે કોઈ કર્તા વગર

સંત, સૂફીની ચોક્કસ હશે હાજરી
મહેક લોબાનની આવી દર્ગા વગર

એ જો આવી મળે, પાત્ર છલકી ઊઠે
છે અધૂરું હજી માત્ર અર્ધા વગર

કઈ અચંબા ભરી ચીજ ભાળી હશે ?
આંખ મીચાઈ ગઈ, ઊંઘ-મૂર્છા વગર

૨૦/૦૧/૨૦૧૦

## અમરવું નથી કૈં

કહ્યું એથી અદકું ઉચરવું નથી કૈં
મળે ચૂપ રહેવા તો ગરવું નથી કૈં

મને ખાનગીમાં સુગંધે કહ્યું, કે–
બીજે કોઈ ઠેકાણે ઠરવું નથી કૈં

અકાવ્યોની સસ્તી રજૂઆતને પણ
પડે આપવી દાદ વરવું નથી કૈં

છું માટીનું વાસણ, સહજ કામ આવું
પ્રદર્શનમાં શોભી અમરવું નથી કૈં

છે ડાબા 'ને જમણાની ઘટમાળ હોવું
કહી એને સુખદુઃખ પ્રહરવું નથી કૈં

એ સોનેરી સાંજો, એ રૂપેરી રાતો !
ગળે બાઝી છે કિન્તુ, સ્મરવું નથી કૈં

અડે જેને રંગો એ લાગે છે ઊડવાં
હવે ઘરની ભીંતે ચીતરવું નથી કૈં

૨૮/૧૦/૨૦૧૦

# આગિયાઓ સળવળે

કોઈ બોલે છે, તો કોઈ સાંભળે છે
તે છતાં ક્યાં કોઈને કોઈ મળે છે?

છેક મનનાં મૂળમાં જે ઓગળે છે
એ જ કૂંપળ જેમ ફૂટી નીકળે છે

સુખનું સામ્રાજ્ય ચાલે પાંસળીમાં
'ને પીડાઓ આંગળીથી ઉખળે છે

સ્થિર થઈ બેઠા છે એ આજે, પરંતુ
ચો તરફ એના જ દીવા ઝળહળે છે

આમ તો બુઝુર્ગ છે એ શખ્સિયત પણ
લોહીમાં તો આગિયાઓ સળવળે છે

ઓથમાં છૂપાઈ રહ્યા છે તણખલાની
આખ્ખુયે બ્રહ્માંડ જેના પગ તળે છે

રાતના અજવાસ, અંધારાં દિવસના
આંખ મીંચાયાં પછીથી ઝળહળે છે

૧૧/૦૩/૧૯૯૪

## ન હોય

ડગલે –પગલે તરક્કી ન હોય
ધારણા સઘળી પક્કી ન હોય

હોઠ જેવા સૌ લક્કી ન હોય
વાતવાતે કૈં બક્કી ન હોય

આવે; અને એ ના ય આવે !
સ્વપ્નનું કાંઈ નક્કી ન હોય

ઘઉં-બાજરા તો હોય, કિન્તુ-
સૌનાં ઘરમાં ચક્કી ન હોય

તંગ દોરડે જ સદા ચાલશો ?
મન ! વલણ સૌ જક્કી ન હોય !

છે ધુમાડાનાં વાદળાં આ–
એમાં વરસાદની વક્કી ન હોય

૦૯/૦૩/૨૦૦૯

## આપજે

છુટ્ટું મૂકીને મન સકારણ આપજે
ઓછા અધૂરામાં ઉમેરણ આપજે

ભાષા સરળ ભાવે વિલક્ષણ આપજે
ગુર્જર-ગઝલ રચવા રસાયણ આપજે

તું આપવા ધારે તો ક્યાં કૈં ખોટ છે ?
આદિમ અનર્થોનું નિવારણ આપજે

તેં નામ આપ્યું તો હવે આગળ ઉપર
એ નામથી નમણું વિશેષણ આપજે

સોહામણું હો સ્વપ્ન, લાંબી રાત હો
એવા પ્રસંગોપાત્ત લેખણ આપજે

કાફી-ના લયમાં ઓગળી હો ઠૂમરી
એવી સુરીલી સાંજની ક્ષણ આપજે

છે કાન બત્રીસલક્ષણા કાપાલિકો !
હે સાંઈ ! સમજીને શિખામણ આપજે

૧૮/૦૬/૧૯૯૯
(૧) કાપાલિકો : અઘોરી ઉપાસકો

## ગુણીજન ગાવ ગઝલ !

આજ ઓઢું : પહેરું કલ
આ તે કેવી ગડમથલ !

જાત જાણી જલકમલ
થઈ સમસ્યા સઘળી હલ

નભ નીચોવાતું સકલ
તે પરોઢે પડતું વલ !

માંડી યાદી સુખદુ:ખની
તું હંમેશાં રહી અવલ

શું હશે ભીનાશમાં ?
આંખ કાયમ રહે સજલ !

તળમાં તાળી પાડી તો-
થળમાં થઈ પાથલ-ઊથલ

તું હસે : ગ્રંથો રચાય
હું હસું : કહેતા નકલ !

નેતિ–નેતિ ક્યા હે સબ ?
ઊગી તેવી લણ ફસલ

જાણો, તો આરાધ છે–
લો, ગુણીજન ગાવ ગઝલ !

૨૭/૦૮/૧૯૯૯

## સઘળું બાજુ પર મૂકીને !

પાછોતર એક પળમાં પેઠા સઘળું બાજુ પર મૂકીને !
કરવાને કાંઈ જોખા-લેખા સઘળું બાજુ પર મૂકીને !

ઘર–ખેતર ફૂંકીને બેઠા સઘળું બાજુ પર મૂકીને !
જાણે બીજા નરસી મે'તા સઘળું બાજુ પર મૂકીને !

અંદરથી જે ઊગે એની આંગળીએ આગળ નીકળશું
સ્વયમ્ ગુરુ 'ને સ્વયમ્ ચેલા સઘળું બાજુ પર મૂકીને !

ક્યાં થાશે વિસ્ફોટ, તૂટશે કોની પાંખો? એ અચરજ લઈ
કતારબંધ બેઠાં પારેવાં સઘળું બાજુ પર મૂકીને !

રહ્યું ના એકે વૃક્ષ તો લ્યો હું મારી બન્ને બાંહ પસારું
પંખી ! બાંધો રેનબસેરા સઘળું બાજુ પર મૂકીને !

પથ્થર તળમાં પાણી રમતાં, પાણીમાં પથ્થર તગતગતા
કૌન રમત ? એ કૈસા ખેલા ? સઘળું બાજુ પર મૂકીને !

૦૩/૦૫/૨૦૧૦

## હે મિત્ર !

આગ સાથે ખેલતા હે મિત્ર ! સંભાળો જરા !
સ્તંભને આલિંગતા હે મિત્ર ! સંભાળો જરા !

બાંધી રાખ્યા તે ભલે હો મેઘ કાચા તાંતણે
કિન્તુ અશ્રુ ખાળતા હે મિત્ર ! સંભાળો જરા !

તારી નસનસમાં વહે છે શું, પ્રથમ એ જાણી લે-
તથ્યના તળમાં જતા હે મિત્ર ! સંભાળો જરા !

છો રહ્યા એક જ સમયના સહરથી ‘ને સારથી
પણ ધનુર ટંકારતા હે મિત્ર ! સંભાળો જરા !

આવ, લે અણદીઠને હું ઓળખું, સ્પર્શું જરા
ક્યાં સુધી આ દૂરતા? હે મિત્ર ! સંભાળો જરા !

ફેબ્રુઆરી-૨૦૦૪

## અણી રાખે-

માત્ર તારાથી લાગણી રાખે
શું કળશભેર હાથણી રાખે ?

ચોતરફ જે ભીંતો ચણી રાખે
એ જ દૃષ્ટિ ભીંતર ભણી રાખે

ધીમા તાપે ઘી તાવણી રાખે
એ સુગંધોની છાવણી રાખે

ભેંટવા ચાહ્યું મેં સતત જેને
એ તો સામે તીણી અણી રાખે

છે અલગ આપણા બધાથી, જે-
વાત-વિગતેય ભાંજણી રાખે

એક સરખી છે સ્થિતિ બંનેની
કોણ, કોનાથી માગણી રાખે ?

સાધુતા છે સ્વભાવમાં કિન્તુ
વાણી-વેપાર ફાગણી રાખે

**નવેમ્બર-૨૦૦૨**

## ઝાલરી રમતી

ક્ષણ સુખદ કોઈ દોડતી રમતી
સ્વપ્નમાં જાણે જળપરી રમતી

મોગરાની કૂણી કળી રમતી
પોપચે તારી હાજરી રમતી

આરતીની શગે ચડી રમતી
પ્રાર્થના પહેલાં ખાતરી રમતી

મોહિની લાગી મેરુ લય-તાલે
સાતમે સૂર ઝાલરી રમતી

સ્થાન રસનું નવું જ ઉભરશે
વાતમાં મૂક ટાપસી રમતી

કોઈ સરનામું હાથ નહિ લાધે
છો છડેચોક બાતમી રમતી

મન તો ખુલ્લી બજાર થઈ બેઠું
કૈં ચીજો ય અવનવી રમતી

નવેમ્બર-૨૦૦૨

## જોયાં

કંકુ ઘોળ્યા, શુકન લખી જોયા
સાથિયે સાથિયે સખી જોયા

ભૂર્જપત્રોનેય ઓળખી જોયાં
પગ ઊધઈનાય પારખી જોયાં

મૂળ થડ ડાળ ડાળખી જોયાં
ઝૂલી જોયા 'ને લખલખી જોયાં

જે તને થઈ મળ્યા નર્યું ઝાકળ
એ દિવસ મેંય ધખધખી જોયાં

એ જ ઊંચાઈ એ જ આદિમતા
તળથી લઈ છેક તીરખી જોયાં

સાવ સરખાં ભજન-ગઝલ ભાળ્યાં
તો, નિકટ જઈને નીરખી જોયાં

એક ફક્કડ ; ફકીર છે બીજો
હાથનાં પોત પારખી જોયાં

૧૧-૫-૨૦૦૪

## ઓચરી લીધું

પાત્ર જાણીને પરહરી લીધું
કોઈ ઠામે ય ક્યાં ઠરી લીધું ?

બસ અમસ્તું ઝીણું ઝરી લીધું
ઉદ્‌ભવ્યું એવું ઓચરી લીધું

લઈ વચન આખું વન વરી લીધું
આલિંગન દઈ અંકે કરી લીધું

સૌ નિયત-નિયતિથી રહી અળગાં
ચાલ્યા ચીલે ‘ને ચાતરી લીધું

ફાટી આંખેય ભાળ્યું અંધારું
મીંચીને આંખ ક્યાં તરી લીધું ?

આખ્ખુંયે વિશ્વ છે નર્યું ધુમ્મસ
એવું સમજ્યા ‘ને ચરચરી લીધું

ભાવવાચક હું-તુંની રમણામાં
ઊગી લીધું ‘ને આછરી લીધું

૧૮-૧૦-૨૦૦૨

## આભરણ લાગે

તારી વચને નહિ ગ્રહણ લાગે
આગ છે તું તને મરણ લાગે ?

સ્મિત તો ભીતરી શ્રવણ લાગે
હોઠ પર રમતું આભરણ લાગે

જળનું તળથી ધ્રુવીકરણ લાગે
આભ વરસે 'ને આક્રમણ લાગે

વસ્તુ હરએક 'ગોલ્ડફીશ' જેવી
મારી વૃત્તિ ય ખારવણ લાગે

કેમ આપું હિસાબ મનગમતા?
જ્યાં સ્વગતમાં જવું કઠણ લાગે

એ કહે, કારવે; બધું લીલા
હું સહજ ચાલુ, ગોઠવણ લાગે

લાખ સચ્ચાઈ, જૂઠ ટીપું એક્
ક્ષીર-સાગરમાં મેળવણ લાગે

૫-૧૧-૨૦૦૨

## સરભર

કૈં જ બાકી નથી બધું સરભર
તું કહે તે હજુ કરું સરભર

કર શરૂ આજથી નવું સરભર
એકથી એક આગવું સરભર

મન છે જળ જેવું તો જળ હશે શું ?
કોણ દેખાડશે ખરું સરભર ?

આપ એકાદ અમથું આશ્વાસન
ઓઢું, પહેરું ને ઝળહળું સરભર

તું પવનથીય દાઝે છે ત્યારે
હુંય વરસાદમાં બળું; સરભર ?

તારી ઊંચાઈને અડી લઈને
લે, કરી દીધું માંગણું સરભર

હું થયો તું, હવે તું થા હું તો-
થાય બંનેની આબરુ સરભર

૨-૪-૨૦૦૬

## વણજ આપે

ગોઠડી સંતલસ વણજ આપે
જ્ઞાનીને નિત નવી ગરજ આપે

હા-હજૂરી કરે અરજ આપે
તું ફકીરોને કાં ફરજ આપે ?

ગણગણી લે, એ જે સહજ આપે
રોજ ક્યાંથી જુદી તરજ આપે

હાથ લંબાઈ 'ને થતા લાંબા
તે પછી કણ સમું કરજ આપે

પગ છે તો પગરખા જરૂરી છે
કોણ આવી સરળ સમજ આપે

એ અજર પહાડ થઇ રહે ઊભા
જેને સંજીવની ઉરજ આપે

રાતભર રમ્ય રાગ રેલાવે
ફાટતા પ્હો, પ્રગટ પરજ આપે

૨૫/૧૦/૨૦૦૨

## પ્રભાવ કહું

ભાવ સમજુ 'ને હાવભાવ કહું
કે, ઉમળકાનો ઘન ચઢાવ કહું

ના હું બદલાઉં, ના બનાવ કહું
આવનારા તને શું 'આવ' કહું ?

આજ એકાંત અઘરું લાગે છે–
એને તારી અસર કે તાવ કહું ?

સાવ પાસે જઈને અટકી જવું
વિઘ્ન સમજું, સહજ પ્રભાવ કહું ?

વાતમાં બીજી વાત ગૂંથીને–
ચાલુ રાખું કે 'રુક જાવ' કહું ?

આંખ બેઠી છે દૃશ્યના ટેકે
દૃશ્યને આંખનો લગાવ કહું ?

આ કહ્યા સાંભળ્યાની આડશ લઈ
માત્ર અંગત અનોખી રાવ કહું !

૦૮/૦૪/૨૦૦૬

# પહોંચે

દૂર – સુદૂર  આરદા  પહોંચે
ભાવ – ભીનાશ  સરભરા પહોંચે

લાગણી જો જરા– તરા પહોંચે
વાત  પહોંચે ‘ને  વારતા પહોંચે

છે ખુશાલી આ  હાથ ખાલીની
જા, ખલકની તને  ખલા પહોંચે

જળકમળ છે શું ? ને શું કાલિંદી ?
કોઈ  જાણે  નહીં  છતાં  પહોંચે

તું  હવા, તો હું તારું  આવરણ
કોણ પહેલા ‘ને ક્યાંથી ક્યાં પહોંચે?

પળ – વિપળની કથાનો હું નાયક
ક્યા સમયની મને વ્યથા પહોંચે ?

આગ, પાણીનો  ભેદ  અવગણતા
ક્યા જુદા સ્પર્શની મઝા પહોંચે ?

૦૫/૦૪/૨૦૦૬

## ઉગેલી પાંખને

સાવ સામે આવી ઊભાં હો અને...
શક્ય છે હું ઓળખું ના આપને!

સાંભરણ, સમ્બન્ધના ઊંડાણને
તાગતા અડકી જવાતું આભને!

કેટલાં પાછળ લીસોટા પાડવા?
એની ક્યાં કૈ પણ ખબર છે સાપને!

ખુલ્લું છે આકાશ પણ મન બંધ છે-
કેમ ફફડાવું? ઊગેલી પાંખને!

પહોંચવું, પામી જવું, તરછોડવું
એ જ ઘટનાક્રમ મળ્યો તમને-મને!

જે કહું છું એ જ પાછું સાંભળું
સાંભળ્યું જે એજ કહેવાનું બને!

છાંયે બેસે એની છાયા ઓગળે
તડકે ચાલે એ ગૂમાવે ઝાડને!

૧૧/૦૪/૨૦૦૬

## ઊંડાં પાણીમાં

આંખોમાં છે કપાસી શ્વાસોમાં ઝામરો
અમને ફળ્યાં છે એવાં કોઈને ના ફળો

આ પહાડવત્ દ્વિધાનો વિકલ્પ અન્ય શું ?
થોડો હું ઉતરું 'ને થોડાં તમે ચડો

લાવો અવાજને બન્ને કાન ઝાલીને
એણે જ શાંત મન ઉપર હુમલો કર્યો

પથરાળ દૃષ્ટિ તાકી ઊભા છે સૌ અહીં
હું કેમ નીકળું લઈને માટીનો ઘડો ?

કોઈ તો ક્યાંયપણથી આવી અને મળો
ગબડી પડ્યો ફરી ઊંડાં પાણીમાં દડો

૨૯-૮-૧૯૯૨

## પજવે છે હણહણાટી

રોમાંચ ઓ તરફ છે આ બાજુ કમકમાટી
હે સુજ્ઞજન ! આ ક્ષણને આછી કહું કે ઘાટી ?

કોની સ્થિતિમાં હલચલ, છે સ્થિર કઈ સપાટી ?
આ કઈ દિશાથી આવી પજવે છે હણહણાટી ?

જાહેરમાં નહીં તો તું કાનમાં કહી જા –
પથ્થર થયો તે પહેલાં પાણી હતો કે માટી ?

વેચું દરેક વસ્તુ હું તોલ – મોલ વિના
છું હાટડી વગરનો સૌથી જુદો જ હાટી

છે સૂક્ષ્મ કિન્તુ સક્ષમ આ કાવ્ય નામે ઔષધ
ચાખો, પીઓ કે ચાટો, ખાંડી, દળી કે વાટી

સંભવ છે એ જગાએ મેળો ભરાય કાલે
નિર્મમપણે જ્યાં આજે ખેલાયું હલદીઘાટી

અક્ષરને એ ના જાણે, ના અંકનીય ઓળખ
ભણતર આ એનું કેવું કોરી રહે જ્યાં પાટી.

૮-૧૦-૨૦૧૦

## હોવાની ચર્ચા

જ્યાંથી પ્રગટી ત્યાં જ હજુ છે હોવા ના હોવાની ચર્ચા
દીપ તળેનું અંધારું છે હોવા ના હોવાની ચર્ચા

પહાડ એ જ 'ને એ જ અણું છે હોવા ના હોવાની ચર્ચા
પણ સ્વભાવે સાવ ભીરું છે હોવા ના હોવાની ચર્ચા

મેં ચીંધ્યું 'ને તેં ભાળ્યું એ બન્નેના કોઈ વચગાળામાં,
સ્હેજ ઝબૂકતું ચાંદરણું છે હોવા ના હોવાની ચર્ચા

શરણે આવેલા હોલાને બેસાડ્યો એ ત્રાજવડાની
બીજી બાજુનું પલ્લું છે હોવા ના હોવાની ચર્ચા

આખેઆખા શબ્દકોષમાં જેના ઉપર આંખ ઠરી તે
અરુ – પરુ કે અશુ – કશું છે હોવા ના હોવાની ચર્ચા

યુગોથી ચર્ચાઈ રહ્યાના કારણસર લાગે છે પુખ્ત,
આમ સ્વભાવે સાવ શિશુ છે હોવા ના હોવાની ચર્ચા

૧૩-૫-૨૦૧૦

## શીદ કરવી ?

વાત વચ્ચે વાત બીજી શીદ કરવી ?
પ્રેમમાં પંચાત બીજી શીદ કરવી ?

કરવી હો, પણ રાત બીજી શીદ કરવી ?
એક મૂકી જાત બીજી શીદ કરવી ?

સૌ અરીસા જેમ સ્વીકાર્યું યથાતથ
તથ્યની ઓકત બીજી શીદ કરવી ?

છે પડી તો જાળવી લઈએ જતનથી
માંહ્યલે મન ભાત બીજી શીદ કરવી ?

નિજનિવાસી આપણે ઠાકુર સ્વયંના
અન્યની ઠકરાત બીજી શીદ કરવી ?

નામના અજવાળે સીધા ચાલ્યા આવો
માર્ગમાં બિછાત બીજી શીદ કરવી ?

૧૪-૩-૨૦૦૯

## ઓળખવા દે

બાવનની અંદરના કોઈ અક્ષરને તો ઓળખવા દે !
થાઉં પછીથી મઘમઘ પહેલાં અત્તરને તો ઓળખવા દે !

પીડામાં ઓગળતી આંખો, દુઃખમાં ડોલે શબ્દસિંહાસન-
આવીને ઊભા અધવચ્ચે કળતરને તો ઓળખવા દે !

સુખ, રાજવી ઠાઠ ધરીને સામે કાંઠે બોલાવે છે
રસ્તાના શતશત શેવાળી પથ્થરને તો ઓળખવા દે !

કોઈ જંગલી ઘાસફૂલ થઈ ભવભવ મળવાનું નિમંત્રણ
કબૂલ, પણ આ વિરહ – વ્યથાના બંજરને તો ઓળખવા દે !

વલ્કલ અથવા ચર્મ પહેરી રણ–અરણ્યો ખેડું કિન્તુ
મળ્યું ચામડી નામે તે આ વસ્તરને તો ઓળખવા દે !

હો મારું એકાન્ત અડીખમ, તુંય રહે તારામાં નિશ્ચલ,
પણ, પ્રથમ આ હોહા કરતા લશ્કરને તો ઓળખવા દે !

બેઉં હથેળી માથે મૂકી છાંયો કરવા ચાહે છે પણ-
હે મા ! ક્ષણભર આકાશી આ છત્તરને તો ઓળખવા દે !

૭-૧૧-૨૦૧૦

## વચ્ચે ઊભાં છીએ

અંધાર 'ને અજવાસની વચ્ચે ઊભાં છીએ
હળવી રીતે હળવાશની વચ્ચે ઊભાં છીએ

કેવી જણસની શોધ લઈને નીકળ્યાં કે આ
ક્ષણ–ક્ષણ ખટકતી ફાંસની વચ્ચે ઊભાં છીએ

છે રંગમંચ સાંપડ્યો શ્રધ્ધાના વેશનો
અડવા પગે અવકાશની વચ્ચે ઊભાં છીએ

મુઠ્ઠી ભરીને આપ તે મબલખ બની જશે
એવી સમજ 'ને શ્વાસની વચ્ચે ઊભાં છીએ

તું ક્યાંક જળ છે, ક્યાંક અગ્નિ, ક્યાંક છે હવા
હરપળ નવા આભાસની વચ્ચે ઊભાં છીએ

ફેબ્રુઆરી -૨૦૦૪

## ફરી વરસાદ હો

એમના 'ને તેમનાં પુણ્યે ફરી વરસાદ હો
એ રીતે પણ આપણે હિસ્સે ફરી વરસાદ હો

ઘર સુધી લઈ આવતા રસ્તે ફરી વરસાદ હો
ડૂબીએ/તરીએ – ના વિકલ્પે ફરી વરસાદ હો

તીવ્રતમ સંવેદનાથી એક ટીપું ઝીલો, તો-
વન, નગર ને ઓરડા વચ્ચે ફરી વરસાદ હો

કોઈ ભીંજાતાં સતત 'ને કોઈ કોરાં રહી જતાં
પોતપોતાનાં અલગ સત્યે ફરી વરસાદ હો

હું તને પૂછું અને તું પૂછે બીજાં કોઈને–
એમ સંધાતા સકળ પ્રશ્ને ફરી વરસાદ હો

માત્ર આંખોથી ઝિલાયો 'ને ત્વચા મ્હોરી ઊઠી
કોણ જાણે કોના સદ્‌ભાગ્યે ફરી વરસાદ હો

જે નથી ભીનાં થયાં એને ય પથ્થર ના કહો
હર નવા વરસાદના અર્થે ફરી વરસાદ હો

ફેબ્રુઆરી- ૨૦૦૪

## કંઈ નથી

કંઈ નથી ઓછું વધારે કંઈ નથી
સઘળું ભીતર છે તો બહારે કંઈ નથી

આજની ઊઠતી બજારે કંઈ નથી
આપણાં કે એનાં દ્વારે કંઈ નથી

કોને ખાતર : પહાડ હળવા ફૂલ શા–
'ને ધુમાડા જેવું ભારે કંઈ નથી ?

ખાલી હોડી છે, ભટકતી ચીસ છે
બાકી આ દરિયા કિનારે કંઈ નથી

એકલક્ષી, સહપ્રવાસી આપણે
એથી અઘરું કો' પ્રકારે કંઈ નથી

તું જ કેવળ દૃશ્ય 'ને અદૃશ્ય પણ
દૃષ્ટિના નમણા નઝારે કંઈ નથી

ભ્રમ પછીના ભ્રમનું અપરંપાર જગ–
લોક છો-ને લખ વિચારે કંઈ નથી

૧૦-૪-૨૦૦૪

## કંઈ નહી

સામ્ય અથવા સખ્ય અથવા કંઈ નહીં
તું કહે તે તથ્ય અથવા કંઈ નહીં

જે કથું તે કથ્ય અથવા કંઈ નહીં
સાંભળું તે સત્ય અથવા કંઈ નહીં

આંખની મરજી મુજબ ઉડે, તરે..
દેખવું ખુદ દૃશ્ય અથવા કંઈ નહીં

જે નથી ત્યાં પહોંચવું, પામી જવું
માત્ર એક જ લક્ષ્ય અથવા કંઈ નહીં

બેઉં બાજુ વિસ્તરે અસ્તિત્વ જ્યાં–
એવું શાશ્વત મધ્ય અથવા કંઈ નહીં

વસ્ત્ર કે વલ્કલ તળેની સભ્યતા
સાચવો તો સહ્ય અથવા કંઈ નહીં

ક્યાંથી ક્યાં સંદર્ભ ચાલ્યા, હે ગઝલ !
તું મળે તો શક્ય અથવા કંઈ નહીં

૧૧-૦૪-૨૦૦૪

# જાણી જો

વંશ જો વારસાઈ જાણી જો
આપણી શું સગાઈ જાણી જો

એક એની ઈકાઈ જાણી જો
થઈ ફરે છે ફટાઈ જાણી જો

તપ, તીરથ 'ને અઠાઈ જાણી જો
પ્રીત પોતે પીરાઈ જાણી જો

શાહી ટીપે સરસ્વતી રાજે–
કેવી છે આ કમાઈ જાણી જો

કેમ બારાખડીમાં અટવાયા ?
દીધી કોણે દુહાઈ જાણી જો

તારી શ્રદ્ધામાં આવી બેઠું તે
સ્થાન છે કે સરાઈ જાણી જો

૧૦-૫-૨૦૦૪

(૧) ઈકાઈ :- સ્વના હોવાનો ગર્વ
(૨) ફટાઈ :- પાટવી કુંવરી
(૩) પીરાઈ :- પીરત્વ ધરાવતું
(૪) સરાઈ :- ધર્મશાળા, સહિયારું આશ્રયસ્થાન

## શર્ત રાખશે

સમાધાનની સામે વસમી શર્ત રાખશે
પાળો, ના પાળો પણ અમથી શર્ત રાખશે

નકદ નિયમ 'ને નવલી નવલી શર્ત રાખશે
નજીક લાવી અનેક તરફી શર્ત રાખશે

મારી સાથે તારે પણ ભીંજાવું પડશે–
ઊઘડવાની સાથે છતરી શર્ત રાખશે

ધૂઆંધારથી ઓછું બીજું કાંઈ ખપે નહિ,
ધૂળમાં ન્હાતાં પહેલાં ચકલી શર્ત રાખશે

કોઈ વિજોગી પ્રેમીજનને મઘમઘ કરવા
વીંધાતી કસ્તુરી હરણી શર્ત રાખશે

કમળપાંદડી નહીં તો તારા હૃદયે વસીએ–
ઝાકળબુંદો કંકુવરણી શર્ત રાખશે

ભૂત-ભવિષ્યો આગળ-પાછળ, સ્વયં સાંપ્રત–
- વચ્ચે રહીને, ડાબી– જમણી શર્ત રાખશે

કદંબડાળી જેવું તું પણ લળી લળી ને
મસ્તીભર, મીઠી, મદઝરતી શર્ત રાખશે

પરોઢની આંગળીએ આવી, વિદાય લઈશું
સોનેરી કિરણોની ઢગલી શર્ત રાખશે

૨૫-૧૧-૨૦૧૦

# શું કરું ?

પ્રપંચનો પહાડ પાર થાય તો પ્રગટ કરું
ઝીણું અમસ્તું રેતકણ હું કોની સામે વટ કરું?

ન રાખું કૈં જ ગુપ્ત, ન કશીય ચોખવટ કરું
રહસ્ય એ જ ઘેન હો તો ઘૂંટી- ઘૂંટી ઘટ કરું

બહુ જ ગોળ ગોળ લાંબુલચ કથ્યા કરે છે તું
કરું હું સાવ અરધી વાત, કિન્તુ ચોખ્ખીચટ કરું

લે, ચાલ સાથે ચાલીએ મુકામ શોધીએ નવા
નિભાવ સાથ તું, તો તારા સાથનું શકટ કરું

અમેય થોડા ભીતરે અજંપ ધરબી રાખ્યા છે-
ચડ્યો છે કાટ કેવો જોઉં, કે ઉલટપુલટ કરું ?

હું એ જ કારણે રહું સ્મરણની હદથી દૂર..દૂર..
છે ઠંડી ઠંડી આગ એ, વધારે શું નિકટ કરું ?

છે ભાવમય, તું શબ્દની સપાટીએ ના સાંપડે
હો પથ્થરોનું શિલ્પ તો હું શું કરું ? કપટ કરું ?

૭-૪-૨૦૧૧

# વિશે-

આવતા 'ને જતા સાદ પાડીને બોલાવતાં સ્થળ વિશે
ચાલ ! લખીએ ગઝલ ભાસ-આભાસની ઝાંખી ઝળહળ વિશે

લાખ યત્નો પછીથીય ક્યાં સાંપડી ભાળ અનગળ વિશે
અબઘડી, અબઘડી કરતાં છટકી જતું વેંત-આંગળ વિશે

એક કૂમળી કળી બ્હાવરી બ્હાવરી પૂછતી ફૂલને –
કેમ પ્હો ફાટતાં લગ નથી ખત-ખબર કોઈ ઝાકળ વિશે

કોઈ નક્કર હકીકત વિના આમ કૈં ભાગી છૂટે નહીં
દોસ્ત ! કાં સાવ ખોટું બતાવે છે તું બહાનું અંજળ વિશે ?

જેવું જે ચાહશે તેવું તે પામશે, પાત્ર અદભૂત છે-
રાખી શ્રદ્ધા ભરી જો જરા અંજલિ, રસની તાંસળ વિશે

જીવ ! મોકો મળ્યો છે તો આકાશમાં ચાલને ઉડીએ !
કોણ જાણે પછી ક્યારે 'ને ક્યાં મળીશું આ ભૂતળ વિશે

ક્યાંથી આવી ચડ્યાં આ અવાજોના ધૂસર નર્કાગારમાં ?
કોણ સમજાવે અહીં, નાદ-નર્તન વિશે; ભેર-ભૂંગળ વિશે ?

૨૦-૩-૨૦૧૧
ભેર-ભૂંગળ = અલૌકિક વાદ્યો

## મુખોમુખ થવું છે

તણખો છે ના સ્વીકાર્ય મહાનલની મુખોમુખ થવું છે
કાં તળને ખળભળાવતી હલચલની મુખોમુખ થવું છે

યુગાન્તરોને બાથ ભીડે એ પલની મુખોમુખ થવું છે
સૌ ઝંઝાનિલ ભીના વાયલની મુખોમુખ થવું છે

વૈકુંઠ – બૈકુંઠ કાંઈ ખપે નહિ નાં કોઈ મનસા ષટદર્શનની
ચલ – અચલની વચ્ચે રહી નિશ્ચલની મુખોમુખ થવું છે

ડમ્મર લિસ્સી સડકો છોડી, સિમેન્ટનું બખ્તર ઊતરડી
આદિમ ઉત્કટ વેગ ધરી જંગલની મુખોમુખ થવું છે

પ્રાણી પંખી ઝાડ જીવાતો માણસ સુધ્ધાં સઘળી ભ્રમણા
આકારી યા નિરાકાર એંજલની મુખોમુખ થવું છે

ઊંડાણો ‘ને ઊંચાઈના જોર– જમાવટ કબૂલ છે પણ
સૌને અંગત પહોંચ મુજબ સમથલની મુખોમુખ થવું છે

મારા ઘરનું આભ પરોઢે કોના વિરહે રુચું ? જાણવા –
આકાશી આંસુ અથવા તો વલની મુખોમુખ થવું છે

૨૫/૧૦/૨૦૧૦
એંજલ : દેવદૂત

## પ્રમાણિત છે સાહેબ

લયથી ઉપર ગયા તે લયાન્વિત છે સાહેબ
બાકી પ્રવાહમાં જ પ્રવાહિત છે સાહેબ

વાણીની ચોથી વશથી વિભૂષિત છે સાહેબ
સમજાય તો સરળ રીતે સાબિત છે સાહેબ

બારાખડીની બહાર જે મંડિત છે સાહેબ
તે સૌ સ્વરોમાં તું જ સમાહિત છે સાહેબ

કોણે નદીનાં વ્હેણ વહાવ્યાં કવન વિશે ?
'ને કોણ બુન્દ બુન્દ તિરોહિત છે સાહેબ

વૃક્ષોના કાનમાં જે પવન મંત્ર ફૂંકતો
તેના વિશે અજ્ઞાત સૌ પંડિત છે સાહેબ

અંગત હકીકતો જ અભિવ્યક્ત થઈ કિન્તુ
તારા પ્રમાણથી ય પ્રમાણિત છે સાહેબ

સઘળી સમજનો છેવટે નિષ્કર્ષ એ મળ્યો
છું ક્યાંક હું, તો ક્યાંક તું ચર્ચિત છે સાહેબ

૨૩-૬-૧૯૯૯

## શેષમાં સાહેબ

સઘળા પછી જે કૈં વધે તે શેષમાં સાહેબજી !
મેં પણ સતત શોધ્યો તને અવશેષમાં સાહેબજી !

સીધા કથનમાં કે ઉવાચ્યું શ્લેષમાં સાહેબજી !
છે આપવીતી સર્વથા આશ્લેષમાં સાહેબજી !

ના થઈ ઠરીને ઠામ વહેતી નાડીઓની ચડ-ઉતર
એવું તે શું ઓછું પડ્યું આદેશમાં સાહેબજી !

જાહોજલાલી સાહ્યબી નવલાખ મૂકી માળવા
કોણે ગઝલ છેડી ફકીરી વેશમાં સાહેબજી !

કોરાઈ આરસમાં કદી તું ભોગ છપ્પન ભોગવે
વિલસે કદી વાસ્તવરૂપે વિશેષમાં સાહેબજી !

હું દ્રાક્ષમંડપમાં વિહરતો વાયરો, તું લહેરખી
સામે મળીને આવશું આવેશમાં સાહેબજી !

ચાલો શહેરી સભ્યતાની પાઠશાળામાં હવે
ગમતું નથી આ ગામઠી ગણવેશમાં સાહેબજી !

ઠાલા ! ગઝલને ગાળ મા દેજો, જરા સંભાળજો
એ છે ગિરાની સદ્યસ્નાતા રેશમા સાહેબજી !

૨૩-૬-૧૯૯૯

## સાધુ છે સાહેબ..

તમસ 'ને તેજ તો સિક્કાની બેઉં બાજુ છે સાહેબ
સમજ હો એવી એ જન આશિખાનખ સાધુ છે સાહેબ

ખરેખર વ્યક્ત થાવું એજ તો અજવાળું છે સાહેબ
મઝા પડવી ના પડવી તો રૂપાળા જાદુ છે સાહેબ

દિશાઓ ચારે ખુલ્લી હો અને નભ કોરુંકટ્ટ તો પણ–
હૃદયરસના છલકવાની ઋતુ : ચોમાસું છે સાહેબ

જુદા સંજોગવશ ના આપણે આવી શક્યા નજદીક
વસો છો આપ જ્યાં એ મારું પણ ઠેકાણું છે સાહેબ

સવા ગજ ઊંચું ચાલે છે તો એમાં શું અચંબો છે ?
કવિના શબ્દનાં પરમાણવાળું ગાડું છે સાહેબ

૦૭/૦૨/૨૦૧૩

## વારી..વારી.. જઈશું !

ધલવલાટ ધરશું 'ને વારી.. વારી.. જઈશું !
જાતથી ઝઘડશું 'ને વારી.. વારી.. જઈશું !

ભેળાં ભેળાં રમશું 'ને વારી.. વારી.. જઈશું !
નથણી જેમ જડશું 'ને વારી.. વારી.. જઈશું !

ઓળઘોળ કરશું 'ને વારી.. વારી.. જઈશું !
આંખથી ઊભરશું 'ને વારી.. વારી.. જઈશું !

વેણે-વેણે ઠરવાં, સુગંધ જેવું તરવાં !
ઝીણું-ઝીણું જરશું 'ને વારી.. વારી.. જઈશું !

તંત-તંત જેનાથી છે સભર, સમર્પિત-
વારી-વારી વરશું 'ને વારી.. વારી.. જઈશું !

સ્પર્શ ઉપસી આવ્યા પટોળાભાત થઈ ત્યાં
રંગ થઈ ઊઘડશું 'ને વારી.. વારી.. જઈશું !

મોરપિચ્છ વીંઝીને વેર વાળવાના
મનસૂબાઓ ઘડશું 'ને વારી.. વારી.. જઈશું !

શ્રી ! તમારી સાથે સ્વનામ સાંકળી લઈ
હક કરી હરખશું 'ને વારી.. વારી.. જઈશું !

પળ – પ્રહરના અવસર ઘડી– ઘડીના ઓચ્છવ
નિત નવા ઉજવશું 'ને વારી.. વારી.. જઈશું !

**(સ્મરણ : પ્રેમલક્ષણાના આરાધકો નરસિંહથી મોરાર સાહેબ)**
**૩-૯-૨૦૧૨**

## હિંડોળે હીંચું

ઠેક છેક પાતાળે પરબારી વાગી રે હિંડોળે હીંચું
શેષશાયી ભાગ્યા કાંઈ શય્યાને ત્યાગી રે હિંડોળે હીંચું

સાથે સહુ દિશાઓ રુમઝુમવાં લાગી રે હિંડોળે હીંચું
સાત સાત સમદરને ઉર ફાળ જાગી રે હિંડોળે હીંચું

અમથા એક ઠેલામાં જઈ પહોંચે ડહોળવાને આકાશી વ્હેણ
કોણ પગ-અંગુઠા જેવું બડભાગી રે હિંડોળે હીંચું

મેઘને ઝુલાવે છે ગોરંભો, એમ ખમ્મા ! જીવને શરીર
ક્યાંથી શરીર તમે સુખ લાવ્યા માગી રે હિંડોળે હીંચું

ઝૂલવાના ઝાડ ઊગે મારામાં, કિચૂડતો એનામાં નાતો
બાઈ ! એકબીજાના બેઉં અનુરાગી રે હિંડોળે હીંચું

અરે ! આ તે કેવી અણજાણ કોઈ ઋતુનો નમણો વળાંક
અંદરથી ઊભરતાં ગીત મહાફાગી રે હિંડોળે હીંચું

જુગ જુગ જીવો એ જીભલડી : ઝૂલણાને લયભર લડાવ્યા
રાગ – થાટ ગૂંથીને ભેળા બિહાગી રે હિંડોળે હીંચું

૧૧-૯-૨૦૧૨

## ગુણથી એ ગુલકંદી

કેવો વિવેક ગણવો ને ક્યાંની અક્લમંદી!
તું વાતે – વાતે વહેતી મૂકે છે ગાળ ગંદી

ઈચ્છાળ છંદે ચાલ્યાં તે થઈ રહ્યાં સ્વછંદી
અણકથ રહે છે એને નડતી ના કોઈ મંદી!

વનવાટથી વિખૂટી કિંશુકની પુષ્ટ ડાળી
ભટકે બજાર વચ્ચે માથું પછાડી, ક્રંદી

રે! સાંકડી સમજની નિજ શેરીના વળાંકે
ગરકાવ ગૂંચવણમાં આવી ઊભો છે નંદી

અત્તરના ફાયે ઉન્મત્ત થઈ ફાંકડી ગઝલિયત
મ્હેકંતી દાદરામાં ફોરંતાં દીપચંદી

થોડી જો આડી – અવળી કવિતામાં છૂટ લઈ લે
તે આપોઆપ પોતે પોતાના થાય દ્વંદ્વી

ઉમદા ગઝલનાં લક્ષણ ગાલિબજી દાખવે છે
સ્વાદે હો ખટમધૂરી, ગુણથી એ ગુલકંદી.

૩૦/૦૪/૨૦૧૩

## ત્રુઠા .... ત્રુઠા !

વિચારને વલોવી કરે પ્રયત્ન જૂઠા
એ તીર હોય તો પણ છે જન્મજાત બૂઠાં

જરાક ઝીણવટથી તું કાન માંડી જો, તો –
તનેય સંભળાશે બબડતાં બેઉં પૂઠાં

જગત છે કાચનું ઘર, સૌ ચીજ કાચની આ–
છે પોત તારું – મારુંય કાચ મુઠ્ઠેમૂઠા

હો પાંખની પ્રતીતિ 'ને આભ માટે ઝંખા
હું શોધવાને આવ્યો છું પંખી એ અનૂઠાં

સ્વભાવગત્ ફકીરી મિજાજ નો મહોત્સવ
એ રેવડીય પામીને બોલે ત્રુઠા...ત્રુઠા !

૧૪/૦૫/૨૦૧૩

## મિથ્યા

હું સકલ જિજીવિષા ને સ્વર્ગ મિથ્યા
છે – હતાં – હોવાનો સૌ સંદર્ભ મિથ્યા

જે નથી એ શોધવાનો અર્થ મિથ્યા
તાણીતૂંસી તારવેલા તર્ક મિથ્યા

ઘા – ઘસરકો – ફૂંક સઘળું વ્યર્થ મિથ્યા
ધા – ધિનક – ધા તા.. રા.... રા.. તુર્રર મિથ્યા

હો પવન તો બસ નજાકતથી વહ્યા કર
છોડી દે સુદ – વદ કે વિષુવ – કર્ક મિથ્યા

તું ઋતુસંજોગ જેવી શુભ ઘડીએ
કેમ રાખીને ઊભો છે શર્ત મિથ્યા

પેટ ખાલી હો તો દર્શન પણ નિરર્થક
મિથ્યા મંદિર, મિથ્યા મસ્જિદ, ચર્ચ મિથ્યા

આ કથારસસ્વાદીઓની છાવણીમાં
છુટ્ટે હાથે વાવર્યા તેં મર્મ મિથ્યા

સાંજ છે, વરસાદ છે, દીવ છે 'ને હું છું
દોસ્ત તોડો દંભ નામે દુર્ગ મિથ્યા

૦૭/૦૪/૨૦૧૩

## ગઝલ ત્રિપદી

### (૧) કવિ

ધરબી શકે જો પાછો
બંદુકમાં ભડાકો
ત્યારે કવિ તું પાકો

વીંધે, પરોવે, પ્હેરે
નિઃશબ્દનો ઈલાકો
ત્યારે કવિ તું પાકો

નેવાંનાં પાણી મોભે
વાળીને પાડે હાંકો
ત્યારે કવિ તું પાકો

હો ફાટ્યું થાકી, હારી
એ વસ્ત્રને લે ટાંકો
ત્યારે કવિ તું પાકો

ઉઝેરવા હો ઉત્સુક
નિત દૂઝતો સબાકો
ત્યારે કવિ તું પાકો

તરકીબ ‘ને તરીકા
છાંડી જમાવે છાકો
ત્યારે કવિ તું પાકો

૧૮/૦૫/૨૦૧૩

## (૨) નિરંતર દઝાડે.

સ્મરણ વાવ્યાં વાડે
વધી રાત - દ્હાડે
નિરંતર દઝાડે

ચડી તાડ ઝાડે
એ અફવા ઉડાડે
નિરંતર દઝાડે

તું કેવો નજૂમી ?
અસંગત બરાડે
નિરંતર દઝાડે

નહીં આહ! ના વાહ!
એ ના તાળી પાડે
નિરંતર દઝાડે

હું આકંઠ તૃષ્ણા
તું અંજલિ ચખાડે
નિરંતર દઝાડે

મહાજોગ જાણું
પકવવાં નિભાડે
નિરંતર દઝાડે

જે ઈચ્છે તે રાજા
મુકુટ મળતા ભાડે
નિરંતર દઝાડે

૨૦/૦૫/૨૦૧૩

## ખણખણે છે ખંજરી..

જેવું છે એવું જ અવતરશે અને મરશે ફરી
યુગ-યુગાન્તરથી અહર્નિશ ખણખણે છે ખંજરી..

છાતી કૂટી, ચીસ પાડી ‘ને પુરાવી હાજરી
તે છતાં અસ્તિત્વની સ્થાપી શક્યા ક્યાં ખાતરી

ટેલિફોનિક ટોક જેવા દૂરના સમ્બન્ધ આ –
ક્યા વળાંકે થાશે કદ..? અધવચાળે આતરી !

સિદ્ધિ કે સગવડ ભર્યું હોવાનું ક્ષુલ્લક બ્હાનું લઈ
ભેંસ થોડી મારીએ ? એક પામવાને વાધરી

તર્કના રંગીન ફુગ્ગાથી મઢ્યું છે તારું વિશ્વ
મારા આકાશે ય નમણી કલ્પનાઓ વિસ્તરી

પાંચ ડગલાં પાછાં ફરતાં અપશુકન થઈ જાય છૂ..
શું કરો જ્યાં ઊંબરા પર આડી આફત ઊતરી ?

તર્કના રંગીન ફુગ્ગાથી મઢ્યું છે તારું વિશ્વ
મારા આકાશે ય નમણી કલ્પનાઓ વિસ્તરી

મૃત્યુ તો છે વન્યપ્રાણી હોય સર્કસનું ભલે
એ ગમે ત્યારે પ્રગટશે પૂર્ણ હીંસકતા ધરી

૧૭/૦૩/૨૦૧૩

## સંભાળી લે....!!

આપ્યું એવું જ તરત પાછું સંભાળી લે !
પરત તારું તને ચોમાસું સંભાળી લે !

હમણાં અહીંથી ચાલ્યા જાશું સંભાળી લે !
ઘડી-બેઘડી બ્હાવરાં આંસું સંભાળી લે !

સદ્‌ભાવથી સવળું સવળું વાંચે સાહેબ,
આડું અવળું સીધું ત્રાંસુ સંભાળી લે !

વાતે - વાતે આજ નર્યું છવાય છે ધુમ્મસ –
વાક્-વિષયના હે અભ્યાસું ! સંભાળી લે !

ધૂળ-ધુમાડે, ધંધે-ધાપે, ધોઈ-ધપાવી,
કરી મૂક્યું છે વસ્તર આછું સંભાળી લે !

જાત શ્રાવણી તડકો, છાંટ્યાં સુખ-સરવડાં
સ્વયં ધોળ-મંગળ હું ભાસું સંભાળી લે !

લે આ કોરો જીવ તને, સહી-દસ્તક પોતે
લિખિતંગ તારો વિશ્વાસું સંભાળી લે !

૧૦/૧૧/૨૦૧૩

# વરખની દાબડીમાં

મખમલે વીંટી રજતની દાબડીમાં મૂકી જો
વાત વ્યવહારું કસબની દાબડીમાં મૂકી જો

વસ્તુ સાર્વત્રિક પદરની દાબડીમાં મૂકી જો
થોડી અંગત સાંભરણની દાબડીમાં મૂકી જો

તારી આંખોના ઈશારે પારિજાતક ઊઘડ્યાં
દ્રુષ્ટિ મારી પણ પરખની દાબડીમાં મૂકી જો

પૂછવા આવે છે જે પોતાનું સરનામું તને –
એમને આવા- ગમનની દાબડીમાં મૂકી જો

છે ગઝલ આ પૂતળી તેંત્રીસમીની વારતા
લે, જરા નિજી સ્મરણની દાબડીમાં મૂકી જો

હા, મુખોમુખ થઈ શકે તંબૂર-રવનું લઈ શરણ –
ભાવ ભીતરનો હલકની દાબડીમાં મૂકી જો

શહેર છે, ચળકાટની ભાષા જ પરખાશે અહીં
તારું વધતું વય, વરખની દાબડીમાં મૂકી જો

૦૫/૧૧/૨૦૧૩

## અંતઃરસમાં ઊતરી....

તાર સાથે આંગળીઓ સંતલસમાં ઊતરી
લ્યો ! ગઝલ છેડી નવેનવ અંતઃરસમાં ઊતરી

સતઘડીએ લાગણી મૂલવતાં રસમાં ઊતરી
ઝીણી ઝીણી કાળજી લીધી તો કસમાં ઊતરી

દુઃખતા રઘવાટ તો સૌ ભીતરે ધરબી દીધા
તો શરીરી સૌ સમસ્યા ઊધરસમાં ઊતરી

આઠ-દસ પીડા, વ્યથાઓએ નગર માથે લીધું
આપદા બાકી હતી તે છેલ્લી બસમાં ઊતરી

સાંજની કોઈ વિલંબિત રાગિણીની લય-છટા
સમ ઉપર આવી અને સીધી જ નસમાં ઊતરી

સામસામે બેઉંને જો હેડકી ઉપડી છતાં
જોખમી આંટસ જરા પણ ના જણસમાં ઊતરી

આખું ઘર છે સ્તબ્ધ 'ને વ્યાકૂળ શેરી, ચોક પણ –
તું નથીની વાત વકરી, તો તમસમાં ઊતરી

સાંભળ્યા ગુલઝારને, ગઝલો ય વાંચી શ્યામની –
છેવટે સાચી 'હકીકત' સોમરસમાં ઊતરી

જો ગઝલના ગામમાં દુષ્કાળ લીલા ત્રાટક્યાં
ગીત-આનાવારી પણ માઠા વરસમાં ઊતરી

૦૩/૧૧/૨૦૧૩

# રે...!

પગ હવે શ્રી ચરણ હાથ શ્રી હસ્ત રે
નાભિએ કસ્તુરી મઘમઘે મસ્ત રે

મનમાં ડમરી ચડી, મનમાં છાંટા પડ્યા
મનમાં ગોરંભ જાગ્યો જબરજસ્ત રે

ક્યાંય ગમતું નથી ઘર, બગીચે કશે
જાત સાથે ઝઘડવામાં છું વ્યસ્ત રે

શહેર પર સપ્તપર્ણીનો વટ જોઈને –
સઘળી પરફ્યુમની ગંધ ભયગ્રસ્ત રે

આંખ મીંચાય 'ને દ્રુષ્ટિ ઉઘડી જતી
કેવું અચરજ ભર્યું ઊગવું અસ્ત રે

શું હજુ બાકી છે ? કેવાં - કેવાં રૂપે !
'ક' સુધી પહોંચતા ત્રાહીમામ્ ત્રસ્ત રે

વાણી ! તું ધર્મ 'ને તું જ અડસઠ તીરથ
તું અમોલઘ પરાપૂર્વથી વસ્ત રે !

૦૮/૧૦/૨૦૧૩

# ફરી ફરી

સરવૈયાં લેણ-દેણનાં માંડ્યાં ફરી ફરી
તો કૈં જ હાથ ના ચડ્યું સિવાય વેખરી

દર્શનનો લ્હાવ એથી વધારે ના લઈ શક્યા
અનિમેષ બસ નીરખ્યાં કરી પીળી પાંભરી

ખૂટી ગયાં હો ભોજ નિજી ભૂમિ-ભાવનાં
ઉઘરાવ શબ્દકોષના પાનેથી ગોચરી

કવિઓ ગઝલમાં કોઈ કબૂતર ઉડાડશે
તો એના દ્વારે માથું પટકશે કબૂતરી

આવે છે છાનાંછપનાં પગેરું દબાવતા
મિત્રો એ જાણવાં શું લખાવે છે જળપરી

એવું ય આજકાલ ઘણું સંભવી શકે
પોતાના પગની સાવ જુદું ઝણકે ઝાંઝરી

છેવટ ઢળી પડ્યું ક્ષિતિજે લોહીઝાણ નભ
ઓઢીને કાળું કપડું ફરે છે વિભાવરી

૨૦/૧૨/૨૦૧૩

Ebook Created by Vikas Kaila

Mobile No. :- 74051 60954



ગરવી ગઝલના જાણે બે રસ-છલકતા મિસરા
પહેલો તે સંજુ વાળા, બીજો ય સંજુ વાળા